WEDNESDAY
૨૦-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, પોષ સુદ ૭
અંક : ૯૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ડ્રાઈવરની એક ભૂલથી અનેક માનવીય જિંદગીઓ હતી-નહતી થઈ ગઈ : સુરતની દર્દનાક ઘટનાથી રાજ્યમાં શોકનો માહોલ

# ડમ્પર બન્યું કાળ : સુરતમાં ૧૫ જિંદગીઓ મુરઝાઈ

(જી.એન.એસ)સુરત,તા.૧૯

સુરતમાં મંગળવારે કાળમુખા ડમ્પર (નં. જીજે ૧૯ એક્સ ૦૯૦૧) રાજસ્થાનથી છૂટક મજૂરી કરી આજીવિકા રળવા આવેલા અને ફૂટપર પર ઊંઘી રહેલા કેટલાય લોકોને કચડી નાખી કાળનો કોળિયો બનાવી લેતા ભયાવહ કરૂણાંતિકા સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ કિમથી માંડવ તરફ જઈ રહેલા એક બેકાબુ ડમ્પર રસ્તાની બાજુમાં ઊંઘી રહેલા કેટલાક લોકો પર ફરી વળ્યું હતું જેને પગલે ૧૫ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ડમ્પર ચાલક તેમજ ક્લિનરની ધરપકડ પણ કરવામાં આવી છે.

સુરતની નજીક કોસંબા ગામ પાસે ડમ્પર માતેલા સાંઢની જેમ રસ્તા પર ઊંઘી રહેલા શ્રમજીવીઓ પર ફરી વળ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ બાંધકામ ક્ષેત્રમાં છૂટક મજૂરી કરતા કેટલાક શ્રમજીવીઓ કિમ-માંડવી રોડ પર રસ્તાની ફૂટપાટ પર રહેતા હતા. રાત્રે ૧૨ વાગ્યા આસપાસ ભર ઊંઘમાં રહેલા મજૂરો પર ડમ્પર કાળ બનીને ફરી વળ્યું હતું જેમાં ૧૨ જેટલા લોકોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા અને ત્રણ જેટલા લોકોના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા છે જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. બેકાબૂ બનેલા ડમ્પરે ચારથી પાંચ દુકાનોના શેડ પણ તોડી નાખ્યાં હતા. ટ્રેક્ટરને ટક્કર માર્યા બાદ ફૂટપાથ પર સૂતેલા શ્રમિકોને કચડ્યા બાદ ડમ્પર ચાલકે ફૂટપાથ કૂદાવી પાછળની તરફ આવેલી દુકાનો સાથે ભટકાવી દીધું હતું. જેને પગલે પાંચેક જેટલી દુકાનોના શેડ તૂટી ગયા હતા. અકસ્માત બાદ ડ્રાઈવર અને કંડક્ટર બોલવાની કે ચાલવાની પણ હાલતમાં ન હતા, જેને પગલે ડ્રાઈવર અને કંડક્ટર દારૂ અને ગાંજાના નશામાં હોવાની પોલીસને આશંકા છે. બંનેને સારવાર અને રિપોર્ટ માટે હોસ્પિટલ ખસેડ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. રાજ્ય સરકારે આ ગોઝારી દુર્ઘટના બદલ ખેદ વ્યક્ત કર્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી તેમજ રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારજનો માટે રૂ. ૨-૨ લાખની સહાયની જાહેરાત કરી હતી. આ ભયાવહ ઘટનાની સમગ્ર હકીકત એવી છે કે સુરતથી ૬૦ કિ.મી. દૂર આવેલા કોસંબા ગામ પાસે મંગળવારે ૧૨ વાગ્યા આસપાસ એક ડમ્પર માંડવથી કિમ તરફ જઈ રહ્યું હતું. ડમ્પરે પહેલા શેરડીથી ભરેલા ટ્રેક્ટરને ટક્કર મારી હતી અને બાદમાં ડમ્પરચાલકે કાબૂ ગુમાવતા તે રસ્તાની બાજુમાં ચઢી ગયું હતું. સુરતના પોલીસ સુપરીટેન્ડેન્ટ ઉષા રાડાએ જણાવ્યું હતું કે ડમ્પર નીચે કચડાઈ જવાથી મજૂરોના મોત થયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની એક્સ ગ્રેશિયા સહાયની જાહેરાત કરી છે તેમજ ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની મદદ કરવામાં આવશે. વડાપ્રધાન મોદીના કાર્યાલયે ટ્વીટને કરીને જણાવ્યું હતુ કે, સુરત નજીક બનેલી આ કરૂણાંતરિકા ભયાવહ છે. મૃતકોના પરિવારજનોને સાંત્વના તેમજ ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવા પ્રાર્થના.



**કેન્દ્ર, ગુજરાત તથા રાજસ્થાન સરકાર તરફથી મૃતકોના પરિવારને સહાયની જાહેરાત**



**કિમ ચાર રસ્તા પાસે ફૂટપાથ પર મીઠી નિંદ્રા માણી રહેલા શ્રમિકોના ઉંઘમાં જ મોત**



**ઘરવિહોણા લોકો માટે ચાલતી સરકારની રેનબસેરા યોજના માત્ર કાગળ પર જ**

### માત્ર ૨૦ નરાધમોની હજુ સુધી ધરપકડ, ૨૪ લોકો હજુ ફરાર

# કેરળમાં ૧૭ વર્ષની બાળકી પર ૪૪ લંપટો દ્વારા ગેંગરેપ

(જી.એન.એસ)મલપ્પુરમ,તા.૧૯

કેરળના મલપ્પુરમ વિસ્તારમાં એક ૧૭ વર્ષીય બાળકીએ આરોપ લગાવ્યો છે કે છેલ્લા ઘણા મહિનાઓમાં ૩૮ પુરૂષો દ્વારા તેના પર બળાત્કાર ગુજારવામા આવ્યો હતો અને તેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. પોલીસે ૪૪ પુરૂષો વિરૂદ્ધ કુલ ૩૨ કેસ નોંધાયા છે અને તેમાંથી મોટાભાગના પુરૂષોની ધરપકડ કરવામાં આવી છે. સમાચાર એજન્સી એએનઆઈના અનુસાર અત્યાર સુધીમાં ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મહિનાઓથી ચાલી રહેલા આ ગંદી રમતમાં મલપ્પુરમ પોલીસે ત્રણ બળાત્કારના કેસ સહિત ૩૨ કેસ નોંધ્યા છે. કેરળના મલપ્પુરમ જિલ્લાના પાંડિક્કડ વિસ્તારમાં છેલ્લા ૫ વર્ષોમાં આવા કેસ સામે આવ્યા છે. જિલ્લા પોલીસ વડાના જણાવ્યા મુજબ યુવતની પોતાની માતા સાથે મલપ્પુરમ જિલ્લાના પંડિક્કડ વિસ્તારમાં એક નાની કોલોનીમાં રહેતી હતી. ૨૦૧૫માં મતાની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસમાં ગુમ થયાના કેસો નોંધાયા હતા. પરિવારે આરોપ લગાવ્યો છે કે યુવતી તેના મિત્ર સાથે ગઈ હતી અને ફરિયાદોના આધારે, તેને શોધી કાઢવામાં આવી અને પરિવારને પરત સોંપવામાં આવી હતી. ઊર્જીના બે કેસ નોંધાયા હતા. ૨૦૧૭માં પરિવારના ફરિયાદના આધારે એક સમાન કેસ ફરીથી દાખલ કરવામાં આવ્યો હતો. તમામ કેસોમાં આરોપીઓને POCSOની કલમ હેઠળ ધરપકડ કરવામાં આવી છે અને જિલ્લાની વિવિધ અદાલતોમાં કેસ ચાલી રહ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં તેના પરિવારે ગુમ થયાની નોંધ કરી હતી અને જણાવ્યું હતું કે છોકરી તેના મિત્ર સાથે મોટરસાયકલ પર ગઈ હતી અને ગુમ થઈ ગઈ હતી. તે સગીર હતી, એટલે સ્થાનિક પોલીસે તેને તેનું નિવેદન નોંધવા માટે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યું હતું.

પોતાના નિવેદનમાં યુવતીએ બે જાતીય હુમલાઓ સહિતા ૧૫ ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો. ત્યાર બાદ તેને સારવાર માટે મોકલવામાં આવી અને મહિનાઓ પછી, હજી એક નિવેદન નોંધવામાં આવ્યું હતું. આ વખતે યુવતીએ ૧૨ વધુ છેડતીની ઘટનાઓ અને એક દુષ્કર્મના કેસનો ઉલ્લેખ કર્યો હતો.




# કોઈ પણ ફેરફાર વિના વ્હોટ્સએપની નવી પ્રાઈવસી પોલીસીને પરત લેવા કેન્દ્રનો આદેશ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૯

સોશિયલ મેસેજિંગ એપ વ્હોટ્સએપની પ્રાઈવસી પૉલિસી અંગે ચાલી રહેલા વિવાદમાં હવે કેન્દ્ર સરકારે પણ ઝંપલાવ્યું છે. સરકારે વ્હોટ્સએપને કહ્યું, એપની પ્રાઈવસી પૉલિસીમાં કરવામાં આવેલા તાજેતરના ફેરફારને પરત લેવામાં આવે. સરકારનું કહેવું છે કે કોઈપણ પ્રકારનો એકતરફી ફેરફાર નિષ્પક્ષ અને સ્વીકાર કરવા માટે યોગ્ય નથી. નવી પ્રાઈવસી પૉલિસી અંગે ઈલેક્ટ્રોનિક્સ અને મિનિસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન મંત્રાલયે વ્હોટ્સએપના સીઈઓ વિલ કેથકાર્ટને પત્ર લખ્યો છે. પત્રમાં મંત્રાલયે કહ્યું છે કે વૈશ્વિક સ્તરે ભારતમાં વ્હોટ્સએપના સૌથી વધુ યુઝર બેઝ છે, સાથે જ ભારત વ્હોટ્સએપની સેવાઓનું સૌથી મોટું બજાર છે. વ્હોટ્સએપની સેવા શરતો અને પ્રાઈવસી પૉલિસીમાં પ્રસ્તાવિત ફેરફારથી ભારતીય નાગરિકોની પસંદ અને સ્વાયત્તતા અંગે ગંભીર ચિંતા ઊભી થઈ છે. મંત્રાલયે વધુમાં કહ્યું, વ્હોટ્સએપે પ્રસ્તાવિત ફેરફારોને પાછા લેવા જોઈએ, સાથે જ ઈન્ફોર્મેશન પ્રાઈવસી, ફ્રીડમ ઓફ ચોઈસ અને ડેટા સિક્યોરિટી માટે પોતાના દષ્ટિકોણ અંગે ફરીથી વિચાર કરવો જોઈએ. ભારતીયોનું યોગ્ય સન્માન કરવું જોઈએ. વ્હોટ્સએપની સેવા શરતો અને પૉલિસીમાં કોઈ એકતરફી ફેરફાર નિષ્પક્ષ નથી અને એને સ્વીકાર નહીં કરવામાં આવે.






# આ વર્ષે પ્રજાસત્તાક દિનમાં પ્રથમ વખત મહિલા પાયલટ સાથે રાફેલ ઉડશે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૯

રાજધાની દિલ્હીમાં યોજાનાર રિપબ્લિક ડેની પરેડ આ વખતે ઐતિહાસિક હશે. ભારતીય વાયુસેનાની ઝાંકીમાં મહિલા સશક્તિકરણનો સંદેશ આપવામાં આવશે, કારણ કે પ્રથમ વખત કોઈ મહિલા ફાઈટર પાયલોટ તેમાં ભાગ લેશે. આ ગૌરવ પ્રાપ્ત કરનારી ફ્લાઈટ લેફ્ટિનેન્ટ ભાવના કાંત દેશની પ્રથમ મહિલા ફાઈટર પાયલોટોમાંથી એક છે. એરફોર્સની ઝાંકીમાં ફાઈટર વિમાન, ફાઈટર હેલિકૉપ્ટર અને સુખોરી ફાઈટર વિમાન સામેલ થશે. હાલ ભાવના રાજસ્થાનના એક એરબેઝ પર તૈનાત છે. જ્યાં તે મિગ-૨૧ ફાઈટર વિમાન ઉડાવે છે. આ અંગે ભાવનાના પિતા તેજ નારાયણે જણાવ્યું કે, મને મારી પુત્રી પર ગર્વ છે. દીકરીઓને નજરઅંદાજ ના કરવી જોઈએ. તેમને તક આપવામાં આવે, તો તે ચોક્કસ મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરે છે. ભાવના મૂળ બિહારના દરભંગા જિલ્લાની રહેવાસી છે. ભાવના કાંત ૨૦૧૬માં ફાઈટર પાયલોટ તરીકે એરફોર્સમાં સામેલ થઈ હતી. વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભાવનાને નારી શક્તિ પુરસ્કારથી સમ્માનિક કરી હતી. ભાવનાએ જણાવ્યું કે, હું નાનપણથી ટીવી પર રિપબ્લિક ડેની પરેડ જોતી આવી છું અને હવે તેનો ભાગ બનવું મારા માટે સમ્માનની વાત છે.

# ભૂતાન સહિતના દેશોને ભારતની કોરોના વેક્સિનના દસ મીલીયન ડોઝ દાન કરાયા

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૯

કોરોના મહામારી જેવી આપત્તિના સમયમાં મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવતા પાડોશી દેશોને ભારત કોરોનાની રસી મફત આપશે એવી જાણકારી મળી હતી. આ રીતે ભારત પાડોશી ધર્મ બજાવશે. લેટેસ્ટ માહિતી મુજબ ભારત ખાસ કરીને અફઘાનિસ્તાન, ભુતાન, નેપાળ, બાંગ્લા દેશ, શ્રીલંકા, માલદીવ્સ અને મોરેશિયસને કોરોનાની રસીના ૧૦ મિલિયન એટલે કે એક કરોડ ડૉઝ ફ્રીમાં આપશે. નવી દિલ્હીએ અગાઉ પણ કેટલાક અવસરે કહ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન ભારત એના પાડોશી મિત્ર દેશોને યથાશક્તિ સહાય કરશે. એક અહેવાલ મુજબ ભારત સરકાર મિત્ર હોય એવા પાડોશી દેશોને કોરોનાની રસીના દસ મિલિયન જેટલા ડૉઝ નિઃશુલ્ક પૂરા પાડશે. હાલ આપણે ત્યાં હેલ્થ વર્કર્સ અને ફ્રન્ટલાઈન કાર્યકરોને રસી અપાઈ રહી છે. એ જ રીતે લદાખમાં ફરજ બજાવી રહેલા ભારતીય લશ્કરના જવાનોને રસી અપાઈ રહી હતી. એમાંથી થોડી નવરાશ મળે કે તરત ભારત મિત્ર પાડોશી દેશોને કોરોનાની રસીના ૧૦ મિલિયન ડૉઝ રવાના કરશે. રસપ્રદ વાત એ છે કે ભારતીય નાગરિકોને કોરોનાની રસી મફત મળશે કે કેમ એની સ્પષ્ટતા હજુ કેન્દ્ર સરકારે કરી નથી.

# કમલા હેરીસ આજથી અમેરિકાના પ્રથમ મહિલા વાઈસ પ્રસેડેન્ટ : સેનેટમાંથી રાજીનામું

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૯

અમેરિકાના નવા ચૂંટાયેલા પહેલા મહિલા વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે સોમવારે ઔપચારિક રૂપે સેનેટની સભ્યતાથી રાજીનામું આપી દીધું. હવે તેઓ બુધવારે એટલે કે ૨૦ જાન્યુઆરીએ અમેરિકાની પહેલી મહિલા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે પદના શપથ ગ્રહણ કરશે. સેનેટથી રાજીનામું આપવાની સાથે જ ભારતીય મૂળની ૫૮ વર્ષીય કમલા હેરિસનું અમેરિકી કોંગ્રેસના ઉચ્ચ સદનમાં તેનો ચાર વર્ષનો કાર્યકાળ પણ પૂરો થઈ ગયો છે. કમલા હેરિસે આ રાજીનામું જો બિડેનના



પ્રેસિડેન્ટ પદના શપથ ગ્રહણના ૨ દિવસ પહેલા આપ્યું. જણાવી દઈએ કે ભારતીય મૂળની કમલા હેરિસે નવેમ્બર ૨૦૧૬માં સેનેટની ચૂંટણીમાં જીત નોંધાવી હતી અને જાન્યુઆરીમાં ઉચ્ચ સદનની સદસ્યતાના શપથ લીધા હતા. ૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ થયેલ અમેરિકી પ્રેસિડેન્શિયલ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની હાર અને ડેમોક્રેટિક પાર્ટીએ ભારી મતોથી જીત નોંધાવ્યા બાદ વાઈસ પ્રેસિડેન્ટ ઉમેદવાર કમલા હેરિસ બુધવારે શપથ ગ્રહણ કરી ઈતિહાસ રચી દેશે. શપથ ગ્રહણ કર્યા બાદ કમલા હેરિસ અમેરિકાની પહેલી મહિલા, પહેલી અશ્વેત અને દક્ષિણ એશિયાઈ મૂળની પહેલી વાઈસ પ્રેસિડેન્ટ બની જશે. ૨૦ જાન્યુઆરીએ થનાર શપથ ગ્રહણ સમારોહામાં કમલા હેરિસને અમેરિકાની પહેલી લૈટિન અમેરિકી ન્યાયમૂર્તિ સોનિયા સોટોમાયોર વાઈસ પ્રેસિડેન્ટ પદના શપથ લેવડાવશે.

# હવેથી ૨૩મી જાન્યુઆરીની પરાક્રમ દિવસ તરીકે થશે ઉજવણી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૯

દેશના સ્વતંત્રતા સેનાની અને આઝાદ હિંદ ફૌઝના જનક સુભાષચંદ્ર બોઝની જયંતિને હવે સમગ્ર દેશમાં પરાક્રમ દિવસ તરીકે મનાવવામાં આવશે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે સુભાષચંદ્ર બોઝના જન્મદિવસ ૨૩ જાન્યુઆરીને પરાક્રમ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે. આ અંગે મંત્રાલય દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જ્યારે દેશ આ વર્ષે સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જયંતિ મનાવવા જઈ રહ્યું છે.

# ઉપલેટા શહેરના વોર્ડ નંબર ૩ માં નવી પાણીની લાઈન મંજૂર કરી અને તેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ કાના સુવા,તા.૧૯

ઉપલેટા શહેરમાં આવેલ વોર્ડ નંબર ૩ માં આવેલ કોરીવડા વિસ્તારમાં લોકોની સુખાકારી માટે અને લોકોને પીવાના પાણીની વધુ સારી સખવડ મળે અને સ્થાનિકોની માંગને ધ્યાને રાખીને ઉપલેટા નગરપાલિકા દ્વારા ત્યાં નવી પાણીની લાઈન મંજૂર કરવામાં આવી હતી અને આ મંજૂર થયેલ પાણીની લાઈનનું ખાતમુહૂર્ત કરી અને લોકોને સુખાકારી માટેની એક વધુ સગવડ હાલ ઉપલેટા નગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવી છે.

વોર્ડ નંબર ૩ ના સુધરાઈ સભ્યોને સ્થાનિકો દ્વારા માંગ કરાયેલ હતી કે ત્યાં વિસ્તારમાં પીવાના પાણી યોગ્ય ફોર્સમાં નહીં આવને પગલે લોકોને પીવાના પાણીની સમસ્યા ઊભી થતી હતી ત્યારે આ સમસ્યાને સ્થાનિક સુધરાઈ સદસ્યો દ્વારા નગરપાલિકામાં રજુવાત કરતા પાલિકા દ્વારા આ માટે નવી લાઈન મંજૂર કરી હતી જેમાં સુધરાઈ સભ્યો અને પ્રમુખ દ્વારા ખાતમુહૂર્ત કરી અને વિદિસર લાઈન નાંખવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# ગીરનાર, નલીયા, ગાંધીનગર અને ભૂજમાં ઠંડીનું જોર વધ્યું

## આગામી દિવસોમાં પવનની દીશા અને ગતિમાં પરિવર્તનના કારણે ઠંડી વધશે



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૯

રાજ્યમાં ૨૦ દિવસની કડકડતી ઠંડી બાદ છેલ્લા પાંચેક દિવસથી લોકોને ધીમે ધીમે ક્રમશઃ રાહતનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ પ્રજાસત્તાક દિવસ આસપાસ રાજ્યમાં ફરી ઠંડીનું આગમન થવા સાથે કોઈ-કોઈ સ્થળે કમોસમી માવઠાની સંભાવના ઉદ્‌ભવી રહી છે. રાજ્યમાં ફૂંકાતા પવનની દીશામાં તા. ૨૨થી થોડું પરિવર્તન જોવા મળવાની શક્યતા હવામાન નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી ગીરનાર પર્વત ૬.૭, નલીયા ૮.૪ ડીગ્રી નોંધાયેલ હતી.

આગામી સપ્તાહમાં ઠંડીમાં વધારો થતા લઘુત્તમ તાપમાન ઠંડા રહેતા શહેરોમાં ફરી ૩થી ૫ ડીગ્રી સુધી ગગડવાની સંભાવનાઓ રહેલી છે. રાજ્યના અન્ય શહેરોમાં ભૂજ ૧૯.૮, કેશોદ ૧૧.૨, અમરેલી ૧૧.૩, જૂનાગઢ, ૧૧.૪, કંડલા વિમાનમથક ૧૨.૨, અમદાવાદ ૧૨.૩, રાજકોટ ૧૨.૯, પોરબંદર ૧૩.૮, વિદ્યાનગર ૧૩.૮, ડીસા ૧૩.૮ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

## વાયરલ ફોટો ઓફ ધ ડે.....



# જૂનાગઢ જીલ્લા પંચાયતના આરોગ્ય કર્મચારીઓની હડતાળ ચાલુ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૯

ગુજરાત રાજયના પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓ જેને સરકાર કોરોના વોરિયર્સ તરીકે જાહેર કરેલ છે. તેઓ પોતાની વર્ષો જૂની પડતર માંગણીઓને લઈ જાન્યુ.૧૨ થી ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘના નેતૃત્વ હેઠળ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. આ આરોગ્ય કર્મચારીઓ ૨૪ કલાક, રાત દિવસ, શિયાળો, ઉનાળો, ચોમાસું એમ દરેક પરિસ્થિતિમા લોકોને આરોગ્ય સેવાઓ અવિરત મળતી રહે તે માટે તત્પર રહેતા હોય છે. અને આરોગ્ય સેવા એજ અમારી રાષ્ટ્રસેવા છે એમ માની હંમેશા ગુજરાતને તંદુરસ્ત બનાવવામાં સિંહ ફાળો આપી રહ્યા છે. ગત વર્ષ ૨૦૧૯-૨૦૨૦ મા બે બે વાર હડતાળ કરતા સરકાર દ્વારા લેખિતમાં સૈદ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવેલ. તેથી આરોગ્ય કર્મચારીઓ રાષ્ટ્રહિત મા લોકોની આરોગ્ય સેવાઓ ખોરવાઈ નહિ તે હેતુથી પોતાની મૂળ ફરજ પર પરત ફરેલ. પણ, આજદિન સુધી એકપણ પરિપત્ર થયેલ ના હોય ફરીથી અચોકકસ મુદતની હડતાળ પર જવા મજબુર બન્યા છે. આ આરોગ્ય કર્મચારીઓ છેલ્લા ૨૨ માર્ચ ૨૦૨૦ થી સતત એકપણ રજા વગર કોરોના મહામારી વચ્ચે દેશના નાગરિકોની સેવામા અવિરતપણે હાજર રહેલ છે. સૌ કોઈ જાણે છે કે લોક ડાઉન દરમિયાન અને ત્યાર બાદ અનલોકની થયેલ જાહેરાતમાં આ જ આરોગ્ય કર્મચારીઓ ઘરે ઘરે જઈ લોકોની આરોગ્ય તપાસ કરતા હતા. હવે જયારે કોરોના વોરિયર્સ રૂપી આરોગ્ય કર્મચારીઓએ પોતાની વ્યાજબી માંગણીઓ માટે સરકારમાં રજુઆત કરતા ફરીથી નકારી દેવામાં આવેલ છે. અને આરોગ્ય કર્મચારીઓની સામે એપેડેમિક એક્ટ હેઠળ કાર્યવાહી કરવા પરિપત્ર કરવામાં આવેલ છે. તેથી ઘણી રોષની લાગણી જોવા મળી રહી છે. અને તેથી હવે જ્યાં સુધી વર્ષો જૂની પડતર માંગણીઓનું નિરાકરણ નહિ આવે ત્યાં સુધી તા-૧૨-૦૧-૨૧ થી અચોક્કસ મુદતની હડતાળની જાહેરાત કરવામાં આવેલ છે. પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓને જો સરકારશ્રી ખરેખર કોરોના વોરિયર્સ માનતી હોય તો તેઓના પડતર પ્રશ્નોનું સુઃખદ અંત લાવી સન્માનિત કરવા જોઈએ એવી માંગણી ઉઠવા પામી છે.

# કરોડોનું ફુલેકુ કરનાર પોસ્ટ એજન્ટની પાક. સરહદ નજીકથી ધરપકડ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૯

પોલીસના હાથ લાંબા હોય છે અને એ સાબિત કરી બતાવ્યું છે જૂનાગઢ એલ. સી.બી .ઘણા સમય થી કરોડોનું ફૂલેકું ફેરવી ફરાર થનાર ખાતેદારોની પાય પાય કરી ભેગી કરેલી મરણ મૂડી ખોટા સર્ટિફિકેટ ખોટી પોસ્ટ ની બુકો બનાવી કરોડ રૂપિયા ચાંઉ કરનાર પોસ્ટનો એજન્ટ ભરત પરમાર અને તુષાર પરમાર ને જુનાગઢ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમસેટ્ટી ની સૂચનાથી આરોપીને પકડવા અલગ અલગ ટીમો બનાવવાની સૂચના આપવામાં આવેલ હતી. જૂનાગઢ એલ.સી.બી . ઈ.ચા પી.આઈ. એચ. આઈ ભાટી તેમજ પી.એસ.આઈ ડી. જી બળવા અને તેમની ટીમને હકીકત મળેલ કે કરોડોનું ફુલેકું ફેરવનાર અને ભૂગર્ભમાં ઉતરી જનાર આરોપી પોસ્ટનો એજન્ટ ભરત પરમાર અને તુષાર પરમાર બનાસકાંઠા જિલ્લાના થરાદ ગામે હોવાની બાતમી મળતા.પી.એસ. આઈ ડી.જી બળવા તથા કોન્સ્ટેબલ. દીપકભાઈ બળવા, ભરતભાઈ સોનારા, ડાયાભાઈ કરમટા, જગદીશભાઈ ભાટુ સાથે એક ટીમ બનાવી તાત્કાલિક રવાના થયા હતા.બનાસકાંઠા જતા બાતમી મળેલ નથી કે ભરત પરમાર ભારત-પાકિસ્તાન સરહદે પાકિસ્તાન સરહદથી ૧૫ થી ૨૦ કી.મી નજીક આવેલ બનાસકાંઠાના વાવ તાલુકાના અસારા ગામે વાડી વિસ્તારમાં સંતાયેલ. આ હકીકત આધારે એલ. સી.બી.ની ટીમે એજન્ટ ભરત પરમાર ને પકડી પાડ્યો હતો. તેમજ તેનો દીકરો તુષાર પરમાર થરાદ-સાંચોર હાઈવે ઉપર આવેલ સોમનાથ સોસાયટી ખાતે હાજર હોવાની બાતમી મળતા બાપ-દીકરા બંનેને પકડી પાડી પુછપરછ માટે જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ લાવવામાં આવ્યા હતા. આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે પોતે શેરબજારમાં ઈન્ટ્રા-ડે લે-વેચ તથા કોમોડિટીના સોદાઓમાં ખાનગી ફાઈનાન્સરો પાસેથી ઊંચા વ્યાજે પૈસા લઈ તેમજ પર્સનલ લોન, મકાન લોન ,ઓફિસની લોનો લઈ ને નાણા મેળવી શેરબજારમાં શેર ની લે-વેચ કરતા હતા અને આ દરમિયાન આશરે ૩ કરોડ જેટલું નુકસાન થયેલ હતું તેમજ ૨૦૧૪ થી ૨૦૨૦ સુધી પોસ્ટના ખાતેદારો જે ફિક્સ ડિપોઝિટમાં રોકાણ કરવા માગતા હોય તેઓને ટાટા બિરલા,કોટક તથા પી. એન.પી કંપનીના ફિક્સ ડિપોઝીટ ના ખોટા સર્ટીફીકેટ બનાવી રોકાણની રકમ અંગત ઉપયોગ કરી હતી. જે ફિક્સ ડિપોઝીટ પાકતી મુદતે રોકાણકારોને બહારથી વ્યાજે પૈસા લાવી ચૂકવી અને ડુબલીકેટ સર્ટીફિકેટ નો નાશ કરતો હતો. તેમજ જો કોઈ રકમ રીન્યુ કરવા માગતા હોય તો રિન્યુ કરવાના બહાને પણ આ રકમનો અંગત ઉપયોગ કરતા હતા. આ બંને આરોપીના પોલીસે રિમાન્ડ ની માંગણી કરી પૂછતાછ હાથ ધરેલ છે.

# દાંતા પોલીસે બે વાહનચોરોને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા



ચક્રવાત ટીમ, તા.૧૯

હાલ મા ગૂજરાત સહીત દેશભર મા ચોરીની ઘટનાઓ બની રહી છે ત્યારે પોલીસ દ્વારા પણ આવી ચોરીઓ ઉકેલવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે, ગૂજરાત ના બનાસકાંઠા જિલ્લામાં આવેલા દાંતા તાલુકામાં પણ અવાર નવાર ચોરીઓ ની ઘટનાઓ બની છે ત્યારે દાંતા પોલીસ ને મોટી સફળતા મળી છે.સતલાસણા પો.સ્ટે.ની હદમાંથી ચોરી થયેલ મોટર સાયકલ સાથે બે ઈસમને પકડી પાડી બાઈક ચોરીનો ભેદ ઉકેલતી દાંતા પોલીસ પાલનપુર વિભાગ, પોલીસ સ્ટાફના માણસો સાથે મિલ્કત તથા વાહન ચોરી સંબંધે બનતા ગુના અટકાવવા સારૂ દાંતા પોલીસ સ્ટેશન સામે રોડ ઉપર વાહન ચેકીંગમાં હતા દરમ્યાન બે ઈસમ નામે ચંદુભાઈ સવજીભાઈ ખોખરીયા રહે.વશી (સેબાળી) તા.દાંતા જી.બનાસકાંઠા તથા દિતીયાભાઈ લુકીયાભાઈ બુંબડીયા રહે.આડાવેલા તા.કુકાવાસ જી.ઉદેપુર ( રાજસ્થાન ) વાળાઓને એક હીરો સ્પ્લેન્ડર પ્લસ કાળા કલરનું સફેદ પટ્ટાવાળું જેની આગળ પાછળની નંબર પ્લેટ લગાડેલ નથી. જેનો ચેચીસ નં. MBLHA10CGGHE૮૫૭૫૭ તથા એન્જીન નં.HA10ERGHE૯૫૫૭૭ ની સાથે પકડી પાડી બાઈકના કાગળો માંગતાં પોતે ગલ્લા તલ્લા કરવા લાગેલ અને કોઈજ આધાર પુરાવા રજુ કરેલ નહીં જેથી મોટર સાયકલ કિ.રૂ.૨૫,૦૦૦/- નુ ગણી સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરે ઈસમોને આજરોજ તા.૧૯/૦૧/૨૦૨૧ કલાક.૧૮/૩૦ વાગ્યે સી.આર.પી.સી કલમ ૪૧(૧) (ડી) મુજબ અટક કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ભરૂચ જિલ્લામાં રાજકીય ભૂકંપ, ઝઘડિયા છોટુભાઈ વસાવાનાં ગઢમાં ગાબડું



ચક્રવાત ટીમ , તા.૧૯

દસકાથી વિકાસથી વંચિત આદિવાસી વિસ્તારમાં હવે ભાજપાના વિકાસનો ભગવો લહેરાવાની તૈયારીના ભાગ રૂપે બીટીપીની સમર્થનની ઝઘડિયા તાલુકા પંચાયતના પ્રમુખ રિતેશ વસાવા, ઉપપ્રમુખ પ્રકાશભાઈ દેસાઈ, ઝઘડિયા ખરીદ વેચાણ સંઘના ચેરમેન મહેન્દ્રસિંહ વાંસદિયા, ઝઘડિયા એપીએમસી ચેરમેન દીપકભાઈ પટેલ તેમજ ૩પથી વધુ ગામોના સરપંચ અને ડેપ્યુટી સરપંચોએ આજ રોજ સાંસદ મનસુખભાઈ વસાવા, માજી પ્રદેશ મહામંત્રી ભારતસિંહ પરમાર, જિલ્લા ભાજપા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, જિલ્લા મહામંત્રી નિરલભાઈ પટેલ, મહામંત્રી વિનોદભાઈ પટેલ, મંત્રી નિશાંતભાઈ મોદી, તેમજ ઝઘડિયા ભાજપાના તાલુકા પ્રમુખ ધર્મેન્દ્રસિંહ માટીયેડા, મહામંત્રી રવજીભાઈ વસાવા સહિતના હોદ્દેદારોએ કેસરિયો ખેસ પહેરાવી અને વિધિવત રીતે ભાજપામાં પ્રવેશ કરાવ્યો હતો.

# ઊના : નવાબંદર જેટીની આજે મુખ્યમંત્રીના હસ્તે શિલાન્યાસ વિધી



ચક્રવાત ટીમ ઊના, તા.૧૯

ઊનાના નવાબંદર ગામે તા.૨૦ જાન્યુ.ના ગુજરાતના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી વર્ષો જુની બંદરની જેટી નવી બનાવવાની માંગણીનો અંતલાવી બાંધકામનો શિલાયાન્સ કરશે. આ પ્રસંગને વિકાસનું સપ્નુ પુરૂ થવા બદલ ઉનાના વરીષ્ઠ કોંગ્રેસ ધારાસભ્ય પુંજાભાઈ વંશએ આવકારી ગુજરાતના મુખ્યમંત્રીને અભિનંદન પાઠવી આ બંદરના વિકાસની સાથે અન્ય ઉના તાલુકાની ૪ થી વધુ સમસ્યા હોય તેને વહેલી તકે ઉકેલવા ભેટ સ્વરૂપે મુખ્યમંત્રી ઉના તાલુકાની પ્રજાને જાહેરાત કરીને આપે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સર્કિટ હાઉસ ખાતે પ્રેસકોન્ફરન્સ કરી પત્રકારોને વિગત આપતા ધારાસભ્ય પુંજાભાઈ વંશએ જણાવેલ કે ધણા વર્ષોના સંઘર્ષ અને રજુઆતો અનેક વિભાગોમાં માથુ પછાડી જ્યા જરૂર પડી ત્યાં ઉના તાલુકાની પ્રજાના હિતમાં માથુ નમાવ્યુ આખરે ઈશ્વર મહાન છે. તે વાત સાર્થક થયેલ અને ઉનાના નવાબંદર ગામે વહાણો લાંગરવા અને સંખ્યાઓને ધ્યાનમાં રાખીને જરૂરીત થયેલી જેટી બનાવવાના કામ કરી સાગર ખેડૂતોને પડતી મુશ્કેલી હલ કરવા મારી કર્મભૂમી પર પદયાત્રાઓ પણ કરી આ પદયાત્રા તાલુકાના વિકાસનું સપ્નુ પુરૂ કરવા માંગણી માટે હતી. અને આજે આ સાગર ખેડૂતોનું સપ્નુ નવી જેટી બનાવવાનું પુરૂ થયુ છે. અને આજે ખાતમુહુર્ત ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે.




# ઊનાના અંબાડા ગામે પ્લોટ વિસ્તારમાં હિંસક દીપડાએ માલધારી પર હુમલો કર્યો

ચક્રવાત ટીમ ઊના, તા.૧૯

ઊના ગીરગઢડા તાલુકામાં દિનપ્રતિદીન દીપડાના હિંસક હુમલા ઓના કારણે લોકો પરેશાન બની ગયા છે. ખૂંખાર દીપડા માનવ જીંદગી માટે ખતરનાખ બની રહ્યા છે. ગીરગઢડાના અંબાડા ગામે વહેલી સવારના સાડા ચાર વાગ્યાના સુમારે જંગલી ખૂંખાર દીપડો ખાંભલા પ્લોટ વિસ્તારમાં આવી ચડેલ અને અંબાડા ગામના માલધારી ટીણાભાઈ ભાયાભાઈ છેલાણા પોતાના ઘેટા-બકરા બાંધવાના ઢાળીયા હેઠળ ભર નિંદ્રામાં સુતા હતા. એ વખતે હિંસક દીપડાએ તેમના પર હુમલો કરી હાથ પગમાં ગંભીર ઈજા કરી નાશી છુટ્યો હતો..ટીણાભઈ છેલાણા પોતાના પરીવાર સાથે પ્લોટ વિસ્તારમાં રહેતા હોય રાત્રીના સમયે તેમનું પરીવાર સંતાનો સાથે અલગ રૂમમાં હતું. અને પોતાના ઘેટા-બકરાની સુરક્ષા હેતુ



ટીણાભાઈ આ મૂંગા પશુઓની જોગમાં સુતા હતા. આ વખતે જંગલી પ્રાણીએ હુમલો કરતા વહેલી સવારે દેકારો મચતા ટીણાભાઈ છેલાણાનું માલધારી પરીવાર જાગી જતાં તાત્કાલીક ૧૦૮ એમરજન્સી બોલાવી ઈજાગ્રસ્તને ઉના સરકારી દવાખાને સારવારમાં ખસેડેલ હતા. અને જશાધાર વન્યવિભાગના આર એફ ઓને જાણ કરતા ટીમ સાથે અંબાડા ગામના પ્લોટ વિસ્તારમાં દોડી ગયા હતા. હિંસક માનવ પર હુમલો કરનાર દીપડાની શોધખોળ શરૂ કરી છે. અંબાડા ગામ જંગલ બોર્ડરને અડી આવેલ હોય આ ગામમાં રેલ્વે વિસ્તાર તરીકે ઓળખાતા સીમમાં જંગલી જનાવરોની અવર જવર કાયમી રહે છે. અને દીપડાઓએ આ વિસ્તારને રહેઠાંણ બનાવતા વારંવાર માવન વસ્તી ધરાવતા પ્લોટ વિસ્તારમાં દીપડાઓ આવી ચડી મુંગા પશુઓને શિકાર બનાવતા રહે છે. અને માનવ પર પણ હુમલા કરતા લોકોમાં ગભરાટનું વાતાવરણ છવાયુ છે.






# સંસ્થાકીય સમાચારો

## 'બા નું ઘર' વૃદ્ધાશ્રમની મહિલાઓ દ્વારા ઉતરાયણની પ્રેરણારૂપ ઉજવણી




ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૯

'બા નું ઘર' નિરાધાર મહિલા વૃધ્ધાશ્રમની બહેનો દ્વારા ઉતરાયણ પર્વનાં દિવશે અનોખી ઉજવણી કરવામાં આવી, આ 'બા નું ઘર' નિરાધાર મહિલા વૃધ્ધાશ્રમની બહેનો સાથે સંસ્થાના ચેરમેન, મુકેશભાઈ મેરજા, મહામંત્રી, વિભાબેન મેરજા, અને પ્રમુખ, ગીતાબેન પટેલ સાથે મળી બહેનોને પોતાનું જીવન બોજારૂપ ન લાગે તે માટે 'બા નું ઘર' વૃધ્ધાશ્રમની બહેનો પાસે મોકળા મનથી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું જેમાં કોરોના ન થાય તે માટે અત્યંત જરૂરી અને અમેરિકાથી મંગાવેલ ખાસ ઈમ્યુંનીટી બુસ્ટર માટેની દવાનો ડોઝ અને બાળકોને ભવિષ્યમાં ચશમાં ન આવે તે માટે વિટામીન-એ નું ફ્રી વિતરણ કરવામાં આવેલ સાથે પક્ષીઓના માળા, પાણીના કુંડા, બર્ડ ફીડર, ધાબળા, ચીકી, મમરા-તલના લાડુ, ચોકલેટ જેવી ઘણી વસ્તુઓનું ફ્રી વિતરણ આશ્રમની બહેનોના હાથે કરાવવામાં આવ્યું હતું આવેલ તમામ લોકોને ચા અને આયુર્વેદિક ટેબલેટ પણ આપવામાં આવેલ. આ પર્વની ઉજવણીનો હેતુ આ નિરાધાર મહિલાઓ કે જેમને ક્યારેય દાન કરવાનો લાભ મળ્યો ન હોવાથી આ પવિત્ર દિવસે પોતાના હાથે દાન કરી પોતાના જીવનમાં પણ આનંદ મેળવે અને લેવાની જગ્યાએ દાન આપી દેવાની વૃતિ કેળવે આ કાર્યથી આ મહિલાઓએ મનથી ધન્યતા અનુભવી હતી આ ઉતરાયણ પર્વ તેના માટે યાદગાર બન્યો જેથી આ આયોજન માટે સમસ્ત પાટીદાર સમાજ અને માનવ કલ્યાણ મંડળ-ગુજરાત સંસ્થા સંચાલિત 'બા નું ઘર' નિરાધાર મહિલા વૃધ્ધાશ્રમનાં કારોબારી સભ્યોનો આભાર માન્યો હતો. આ સેવાકીય ઉજાવણીમાં મુકેશભાઈ મેરજા, વિભાબેન મેરજા, ગીતાબેન પટેલ, માનીષભાઈ વાડારીયા, મનુભાઈ મેરજા, ચંદુભાઈ સુરેજા, રીનાબેન કટારીયા, મનીષાબેન જાદવ, નીશીતાબેન રામોલીયા, મીનાબેન, દિનેશભાઈ, નીતિનભાઈ જૈન, ભરતભાઈ ગોસાઈ, સુજલ, સ્વેના અને દીપકભાઈ જોડાયા હતા. આ ઉજવણી યુની. રોડ પર ઈન્દિરા સર્કલ બાલાજી સેન્ડીવિચ પાસે, રાજકોટ ખાતે એક કેમ્પ દ્વારા કરવામાં આવી હતી.

## પોરબંદર નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા સપ્તાહ કાર્યક્રમની ઉજવણી





ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

રાષ્ટ્રીય યુવા સપ્તાહ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર પોરબંદર દ્વારા આજ રોજ જાગૃતતા દિવસ યોજાયો હતો. જે અંતર્ગત મહિલા સશક્તિકરણ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાય હતી. જેમા પોરબંદર જિલ્લાની બહેનોએ ફેસ માસ્ક અને સામાજિક અંતર સાથે જોડાયને ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામા ઉપસ્થિત રહેલા બહેનોને પ્રમાણપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

દરેક સંસ્થાના સદ્દકાર્યો નિયમીત રીતે વાંચો
હવે ચક્રવાતના માધ્યમથી..
આપના સેવાકીય કાર્યો
લોકો સુધી પહોચાડીશું અમે..
આપની વિગત ફોટોગ્રાફ સહિત અમને મેસેજ કરો
ધ્રુવ મંચાણીયા : ડેસ્ક એડિટર : ચક્રવાત મીડિયા ગ્રુપ
મો.૭૦૯૬૬૯૪૨૯૪

# પોરબંદરમાં વિદ્યાર્થીઓ માટે બસના ભાડા ઘટાડવા માંગ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

રાજ્યમા covid19 ની સ્થિતિને કારણે ૧૦ મહિનાથી વિદ્યાર્થીઓનું શાળા-કોલેજમાં શિક્ષણ કાર્ય સદંતર બંધ છે, હાલ શિક્ષણમંત્રીની રજૂઆતથી તા.૧૨/૦૧/૨૦૨૧ થી ધોરણ-૧૦ અને ધો-૧૨ તેમજ કોલેજના છેલ્લા વર્ષનો અભ્યાસ ક્રમ ચાલુ કરી દેવાયો છે. પોરબંદરમા અભ્યાસ માટે ગામડાઓના હજારો વિદ્યાર્થીઓ અપડાઉન કરતા હોય ત્યારે તેમને પોતાએ પ્રાઈવેટ વાહનોમાં આવવાની ફરજ પડતી હોય છે, એસ. ટી બસમાં પણ પૈસા આપી ને આવતા હોય છે જે એમને પરવડતું ના હોય. વિદ્યાર્થીઓના રજૂઆતના પગલે આજ રોજ પોરબંદર જીલ્લા એન. એસ.યુ.આઈ ટીમે ડેપો મેનેજર સમક્ષ આવેદન આપી રજૂઆત કરી હતી કે ગામડાઓમાંથી અભ્યાસ માટે આવતા તમામ વિદ્યાર્થીઓને એસ.ટી બસના સરળતાથી પાસ મળી રહે, હાલ બીજું સત્ર પણ થોડું પૂરું થવા આવ્યું છે ત્યારે બસનો જે પાસ કાઢી આપવામાં આવે તે પણ પુરા સત્રનો કઢી આપવામાં આવે અને તેમનો જે ચાર્જ હોય ટે પણ આ દિવસોને ધ્યાને રાખીને વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવે. થોડા દીવસોમાં આઈ.ટી.આઈ પણ શરુ થવાની હોય તો ત્યાં પણ વિદ્યાર્થીઓને પાસ આપવામાં આવે તેવી અમારી માંગ છે. શાળા-કોલેજમાં જે પાસની કામગીરી કરવામાં આવતી હોય તે વહેલી તકે પૂરી કરવા આવે તેવી આપ દ્વારા શાળા-કોલેજોને જાણ કરવામાં આવે કોઈ પણ વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો ના કરવામાં આવે તેમની ખાસ તકેદારી અને યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી અમો વિદ્યાર્થીઓ વતી આપ સમક્ષ માંગ કરીએ છીએ એસટી ડેપો મેનેજરને રજૂઆત કરવા માટે પોરબંદર જિલ્લા એન.એસ.યુ.આઈ ના પ્રમુખ કિશન રાઠોડ, ઉમેશરાજ બારૈયા,કુણાલ રજવાડી,પરાગ મેવાડા,જયદીપ સોલંકી,રોહિત સિસોદિયા,અનિરુધ ગઢવી,યશ ઓઝા, રાજ ઓડેદરા વગેરે હાજર રહ્યા હતા.

# જામનગરમાં બેટી પઢાવો, સપ્તાહની ઉજવણી



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૯

જામનગરની કચેરી દ્વારા દીકરી વધામણાં કિટનાં વિતરણનાં કાર્યકર્મનું આયોજન જિલ્લા પંચાયતનાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી કિર્તનબેન પરમારનાં અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જી.જી.હોસ્પિટલ જામનગરમાં જન્મેલ દીકરીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે દીકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમનાં વાલીઓને દીકરીની યોગ્ય કાળજી અને સંભાળ લેવા સમજાવવામાં આવ્યું હતું અને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપી આગળ વધારવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જી.જી.હોસ્પિટલના પ્રસૂતિ અને સ્ત્રી રોગ વિભાગના વડા ડૉ. નલિની આનંદ, ડૉ.પ્રીતિ પુનાતર, જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ.ચંદ્રેશ ભાંભી, દહેજ પ્રતિબંધક અધિકારી હંસાબેન ટાઢાણી તથા મહિલા શક્તિ કેન્દ્રના અને 'સખી'વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સયુંકત નગરપાલિકા દ્વારા હળ હળતો અન્યાય



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૧૯

સુરેન્દ્રનગર ના વોડ નં ૧૩ ના રહેવાસીઓ અને વઢવાણ શહેર કોગ્રેસ પ્રમુખ સતીષ ગમારાના ઘરની સામે રાવળવાસમા વારં વાર રજુઆત કરવા છતાંય નગરપાલિકાના તત્રં દ્વારા અન્યાય થાય છે ગલી બજારમા ગટરના પાણી ભરાય છે છેલ્લા એક મહિનાથી રહેવાસીઓ હેરાન થાય છે રહેવાસીઓ દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપતા રાજકીય લોકોમાં દોડા દોડી છતાં પણ નગરપાલિકાના તત્રંનુ પેટનું પાણી નથી હલતું જો બે દીવસમા ગટરના પાણી ગંદકી દુર નહિ થાય તો આ વિસ્તારમાં મત મંગાવા આવવું નહી ના બેનર લગાવેલ અને આ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં આગેવાનો ભેગા થઈને સતીષ ગમારાને રજુઆત કરી છે સતીષ ગમારા દ્વારા હાલ આશ્વાસન આપીને મામલો થાળે પાડીને બે દીવસમા કામ કરાવવાની ખાતરી આપી છે.

# બોટાદમાં સંત સમુદાયના આશીર્વાદ સાથે શ્રીજી મલ્ટીસ્પેસ્યાલીટી હોસ્પિટલનો પ્રારંભ




ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૯

શહેર જે ઘણા સમયથી આતુરતાથી રાહ જોય રહ્યું હતું તેવી શહેરની સૌ પ્રથમ શ્રીજી મલ્ટીસ્પેસ્યાલીટી હોસ્પિટલનું (શાસ્વત પલ્સ જ્યોત આંખની હોસ્પિટલ ઉપર, પવન મેડિકલ પાસે પાળીયાદ રોડ બોટાદ) ખાતે સંત સમુદાયના શુભાશિષથી આજરોજ ભવ્ય પ્રારંભ થઈ ચુક્યો છે. આ હોસ્પિટલના ઉદ્ઘાટન સમારોહમાં વડતાલ પીઠાધિપતિ ૧૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર ધામના કોઠારી વિવેકસાગરદાસજી, પાળીયાદ ધામ વીષામણબાપુની જગ્યાના ભયલુભાઈ, ભજનાનંદ આશ્રમના આત્માનંદ સરસ્વતી સ્વામીજી, બોટાદ ગુરુકુળના માધવસ્વામી તેમજ ગઢડા ગોપીનાથજી મંદિરના પાર્ષદ તેમજ સહકાર નગરના દેરાસરમાંથી મહારાજ સાહેબ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# પોરબંદર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા વ્યાવસાયિક કોર્સ વિષય પર વેબીનાર યોજાશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

પોરબંદર જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૨૧ જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે પોરબંદર જિલ્લામા કાર્યરત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ચાલતા વ્યાવસાયિક કોર્સ વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબિનારમાં માહિતી તથા માર્ગદર્શન કે.એમ.કારાવદરા સુપરવાઈઝર ઈસ્ટ્રક્ટર (ઔદ્યોગિક તાલીમ સંસ્થા પોરબંદર) દ્વારા આપવામાં આવશે. આ વેબિનારનો લાભ લેવા ઈચ્છુક ઉમેદવારોએ વેબિનાર લિંક મેળવવા ૦૨૮૬-૨૨૨૦૪૧ નંબર પર વોટ્સએપ મેસેજ કરવાનો રહેશે.

# ચૂંટણી સંદર્ભે ઉપલેટામાં ધાનાણીનો જનસંપર્ક સમારોહ યોજાયો

### માસ્ક વગર નેતા અને લોકો જોવા મળ્યા સાથે સામાજિક અંતરના પણ ઉડ્યા લીરે-લીરા




ચક્રવાત ટીમકાનભાઈ સુવા, તા.૧૯

ઉપલેટા તાલુકામાં જીલ્લા અને તાલુકા પંચાયતની ચૂટણી આવતા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીનો જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઉપલેટા તાલુકાના તણસવા, મેરવદર, ઢાંક, ગધેથડ, નાગવદર, રબારીકા, ખારચીયા અને મોટી પાનેલી ગામોમાં જનસંપર્ક કાર્યક્રમમાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી તેમજ ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય લલિતભાઈ વસોયા હાજર રહ્યા હતા. આ જનસંપર્ક કાર્યક્રમમાં લોકો વચ્ચે જઈ પરેશ ધાનાણીએ સરકારના ત્રણ કાળા કૃષિ કાયદા વિશે તેમજ આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના અનુસંધાને લોકો સાથે જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ જનસંપર્ક કાર્યક્રમમાં ગામે-ગામમાં ઢોલ-નગારા સાથે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ જનસંપર્ક કાર્યક્રમમાં ગામે-ગામ સોસિયલ ડીસટન્સના લીરેલીરા ઉડ્યા હતા જેમાં પરેશ ધાનાણી તેમજ અન્ય નેતાઓ સહિત અનેક લોકો માસ્ક વગર જોવા મળેલ હતા.

# દર્દી ગુજરી ગયા હોવાનું કહી મહિલા તબીબ પાસેથી પૈસા પડાવવાનો કારસો

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૯

જામનગરના ગુલાબનગરમાં પ્રેક્ટિસ કરતા એક મહિલા તબીબને તમે દવા આપ્યા પછી દર્દીને તેની આડઅસર થઈ છે અને તે દર્દી મુંબઈ પ્રસંગમાં આવ્યા પછી ગુજરી ગયા છે તેમ જણાવી એક શખ્સે પોતે મુંબઈના એક પોલીસસ્ટેશનના ફોજદાર હોવાની ઓળખ આપી પૈસા પડાવવાના ઈરાદાથી ગર્ભિત ધમકી આપતા આ મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. તેઓએ પોતાની ફરિયાદમાં તેનો ઉલ્લેખ કર્યો છે. પોલીસે કોલ ડીટેઈલ સહિતની વિગતો મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જામનગર ગુલાબનગર વિસ્તારમાં સંજીવની ક્લિનિક ચલાવતા અને હવાઈચોકમાં રહેતા ડોક્ટર દિપાલીબેન વિરલભાઈ પંડ્યા નામના તબીબને ગઈ તા. ૧૩ ની બપોરે એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સામા છેડે રહેલા શખ્સે પોતે મુંબઈના અગરીપાડા પોલીસ સ્ટેશનમાંથી પી.એસ.આઇ પાટીલ બોલતા હોવાનું જણાવી ઉમેર્યુ હતું કે મૂળ જામનગરના અને હાલમાં એક પ્રસંગમાં મુંબઈ આવેલા રીઝવાનાબેન શેખ નામના મહિલાએ અગાઉ તમારી પાસેથી દવા લીધી હતી. તે દવા ખાધા પછી તેઓને ખંજવાળ ઉપડી છે અને તેઓનું સુગર વધી ગયું છે. ત્યારપછી આ મહિલા દર્દીનું મૃત્યુ નિપજયું છે. આવી વાત કર્યા પછી પીએસઆઈ પાટીલ તરીકે ઓળખ આપનાર શખ્સે આ બાબત અમારા સુધી એટલે કે પોલીસ સુધી પહોંચી છે અને તેની એફ.આઈ. આર કરવાની છે તેમ કહી દર્દીના પિતા સાથે વાત કરો તેમ કહી ડોક્ટર દિપાલીબેનને ડરાવ્યા હતા. ત્યારપછી આખો મામલો સુલટાવી દેવાની વાત કરી પીએસઆઈ પાટીલ નામના શખ્સે ડોક્ટર દિપાલીબેનને માંડવાળ કરવાની વાતચીત આગળ વધારી હતી. ગભરાયેલા ડોક્ટર દિપાલીબેને પોતાને સર્કલમાં તેની વાતચીત કરતા અન્ય બે તબીબને પણ આવી જ રીતે ગર્ભિત ધમકી મળી હોવાનું બહાર આવ્યું હતું તેથી ડોક્ટર દિપાલીબેનએ વધુ તપાસ કરાવતા જામનગરના ડોક્ટર દિનેશ ભેડા અને નિશાંત શુક્લને પણ આવી જ રીતે પૈસા પડાવવાના ઈરાદાથી કોલ આવ્યા હોવાનું બહાર આવ્યું છે.

# અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે થશે ક્રૂઝ સેવાનો પ્રારંભ : ૨૦ મીનીટના રૂા.૨૦૦



(જી.એન.એસ.)

અમદાવાદ, તા.૧૯

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફરી એકવાર નવા વર્ષની શરૂઆત સાથે જાહેર જનતા માટે બોટિંગની શરૂઆત કરવામાં આવી છે. હવે નવા વર્ષ એટલે કે ૨૦૨૧ના વર્ષમાં સહેલાણીઓ રિવરફ્રન્ટ ખાતે ક્રૂઝની મજા માણી શકશે. અમદાવાદીઓને નવાઈ લાગે તેવી ક્રૂઝ રિવરફ્રન્ટ ખાતે આવી ગઈ છે. આ ક્રૂઝ સ્પેનથી મંગાવવામાં આવી છે. આ ક્રૂઝ ફુલ્લી એસી હશે. કોરોના વાયરસના સમયમાં તેને સેનિટાઈઝ કરાયા બાદ જ બીજીવાર ઉપયોગમાં લેવામાં આવશે. આ ક્રૂઝમાં બેસવા માટે ૨૦ મિનિટના ૨૦૦ રૂપિયા ભાડું ચૂકવવું પડશે. આ ક્રૂઝની ખાસિયત એ છે કે આ તેમાં એક સાથે ૬૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે. હાલ રિવરફ્રન્ટ ખાતે બે પોઈન્ટ પર બોટિંગ ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં એક પોઈન્ટ વલ્લભ સદન અને બીજો પોઈન્ટ ઉસ્માનપુરા નજીક શરુ કરવામાં આવ્યો છે. બોટિંગ સેવાને લોકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. વલ્લભ સદન નજીક આવેલા બોટિંગ સ્ટેશન પર ઈસીએચટી દ્વારા બોટિંગની એક્ટિવિટી કરવામાં આવી રહી છે. જ્યારે ઉસ્માનપુરા નજીક આવેલા સ્ટેશન માટે ખોડલ કોર્પોરેશન દ્વારા બોટિંગની એક્ટિવિટી કરવામાં આવી રહી છે. હાલના તબક્કામાં ઈસીએચટી એજન્સી દ્વારા જેટસ્કી, કિડ્સ પેડલ બોટ, હાય સ્પીડ બોટ તથા એક્વા સાઈકલની પ્રવૃત્તિ શરુ કરવામાં આવી છે.

# ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ દાનાભાઈ ચંદ્રવાડીયાનું પ્રમુખ પદેથી રાજીનામું



ચક્રવાત ટીમ ઈમરાનભાઈ, તા.૧૯

ઉપલેટા નગરપાલિકાના પ્રમુખે પોતાના પ્રમુખ પદેથી આપ્યું છે સ્વેચ્છીક રાજીનામું જેમની વાત કરવામાં આવે તો અગાઉ હજુ માત્ર ત્રણ દિવસ પહેલા જ ઉપલેટા નગરપાલિકાના ઉપપ્રમુખ રણુભા જાડેજાએ પણ પોતાના ઉપપ્રમુખ પદેથી સ્વેરછીક રાજીનામું આપ્યું હતું ત્યારે આજે ફરી એક વખત ઉપલેટા નગરપાલિકામાંથી રાજીનામાનો દોર આવતા રાજકારણ ગરમાયુ છે. તાજેતરની ગયેલી નગરપાલિકાની ચૂંટણીમાં જ ઉપપ્રમુખ અને પ્રમુખ પદ માટે ચૂંટાયા હતા જેમ આ બન્ને થોડો સમય પહેલાની ઉપલેટા નગરપાલિકાની ચુંટણીમાં બળવો કરીને પ્રમુખ બન્યા હતા ત્યારે આ બન્ને સહિતનાઓ દ્વારા બળવો કરવાને કારણે ભાજપ પક્ષે પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના ૧૪ ઉપલેટા નગરપાલિકા સદસ્યોને ભાજપ પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા હતા ત્યારે હવે આ બાબતે ફરીથી ભાજપ પક્ષમાં ઘર વાપસી થતા નગરપાલિકાના ઉપપ્રમુખ બાદ પ્રમુખનું રાજીનામું આપતા ઉપલેટા વિસ્તારમાં હાલ ગરમાયુ રાજકારણ છે.

# જામનગર શહેરની મધ્યમાં આવેલ અદાલતને વહીવટી તંત્ર દ્વારા વિશાળ જગ્યાની ફાળવણી



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૯

જામનગર શહેરની મધ્યમાં આવેલ કોર્ટ પરિસરને પડતી અગવડતાઓના નિરાકરણ અર્થે નવી જગ્યા ફાળવામાં આવી છે. વહીવટી તંત્રએ અઢી હેક્ટર જગ્યા સંપાદન કરી કાયદેશરની પ્રક્રિયા બાદ કોર્ટ તંત્રને સુપ્રત કરી છે. જામનગર શહેરની મધ્યમાં આવેલ અદાલતને વહીવટી તંત્ર દ્વારા વિશાળ જગ્યા ફાળવવામાં આવી છે. ખુબ જ જૂની બિલ્ડીંગ હોવાથી કોર્ટ પરિસરમાં પડતી તકલીફોના નિવારણ અર્થે તંત્ર પાસેથી જગ્યાની માંગણી કરવામાં આવી છે. જુના બિલ્ડીંગ આસપાસ ટ્રાફિક સમસ્યા અને જુના બિલ્ડીંગની સમસ્યાઓ નિવારવા માટે જમીન સંપાદન કરવામાં આવ્યું હતું. હાઈકોર્ટના એક જસ્ટીસની ટીમ દ્વારા શહેરની અનેક જગ્યાઓ જોઈ હતી જેમાં પસંદ કરવામાં આવેલ રેલ્વે સ્ટેશન સામેનું ગ્રાઉન્ડ ફાળવવામાં આવ્યું છે. શહેરમાં અઢી હેક્ટર જગ્યામાં આવેલ ગ્રાઉન્ડની વહીવટી તંત્રએ પ્રક્રિયા પૂર્ણ કરી કોર્ટને આજે સુપ્રત કરી છે. અહી કોર્ટનું વિશાળ સંકુલ બનશે. જેમાં કોર્ટ સંકુલ ઉપરાંત ન્યાયાધીસો માટે આવાસની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

# જામનગરમાં ગોલ્ડન સિટી પાસે સાત કાચા-પાકા મકાનોની પાડતોડ



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૯

જામનગરમાં પોલીસ હેડ ક્વાટર્સ પાછળ, ગોલ્ડન સિટી પાસે સાત કાચા-પાકા ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કામગીરી મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. જામનગરના શરૂસેકશન રોડ, પોલીસ હેડ ક્વાટર્સ પાછળના ગોલ્ડન સિટી પાસે અશોક સમ્રાટનગર વિસ્તારમાં સાત કાચા-પાકા મકાનોનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કામગીરી આજે શરૂ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના અધિકારીઓ રાજભા ચાવડા તેમજ સુનિલ ભાનુશાળીની આગેવાનીમાં જેસીબી સાથે એસ્ટેટ વિભાગનો સ્ટાફ પહોંચ્યો હતો અને આ કાચા-પાકા સાત મકાનોનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કામગીરી શરૂ કરી હતી. અગાઉ આ બાબતે કોર્ટ મેટર ચાલતી હતી, પરંતુ તમામ રૂકાવટો પાર કર્યા પછી ડી.પી.ની જગ્યામાં થયેલા બાંધકામો તોડી પાડવા નિર્ણય લેવાયો હતો. જે જગ્યા અન્ય ખાનગી આસામીને સુપરત કરવામાં આવનાર છે.

## તંત્રીસ્થાનેથી......

# મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન ખેડૂતોને શું થશે ફાયદો??

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યની ખેડવાણ જમીનમાં વધારો કરવાનો ઐતિહાસિક નિર્ણય કરીને કૃષિ અને બાગાયત ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસથી બાગાયતી તેમજ ઔષધિય પાકોની ખેતીનો વ્યાપ વધારવાના નક્કર પરિણામલક્ષી આયોજન સાથે એક મહત્વપૂર્ણ કદમ રૂપે 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલી ખેડવાણની સરકારી પડતર જમીનોને ૩૦ વર્ષના લાંબાગાળાના લીઝ પર ફાળવી તેને ઉપજાઉ બનાવીને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતીથી વધુ આવક મેળવવાનો અને આવા પાક ઉત્પાદનના વેલ્યુએડીશનથી એકસપોર્ટ-નિકાસનું પ્રમાણ વધારવા તથા રોજગારના નવા અવસરો સર્જવાનો આ 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'નો મુખ્ય ઉદેશ્ય હોવાનું જણાવ્યું છે. રાજ્યમાં સુકા અને અર્ધસુકા તેમજ દરિયાકાંઠાના ખારાશવાળા વિસ્તારોને કારણે કૃષિ વિકાસ પડકાર રૂપ છે, ત્યારે ગુજરાત સરકારની આ યોજનાથી ખેડૂતોને મોટો લાભ થશે. દેશના ફળ-શાકભાજીના કુલ ઉત્પાદનમાં ૯.૨૦ ટકા ગુજરાતનું પ્રદાન છે ત્યારે રાજ્યની ૧૯૬ લાખ હેક્ટર જમીન પૈકીની ૫૦ ટકા એટલે કે ૯૮ લાખ હેક્ટર જમીન ખેતી હેઠળ આવેલી છે તેમજ પડતર અને બિન ઉપજાઉ જમીનોમાં બાગાયતી અને ઔષધિય પાકોના વાવેતરની વિપૂલ સંભાવનાઓ છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦ના વર્ષમાં ૪.૪૬ લાખ હેક્ટરમાં ફળ પાક વાવેતર અને ૯૨.૬૧ લાખ મેટ્રિક ટન ઉત્પાદન સાથે દેશના ફળ-શાકભાજીના કુલ ઉત્પાદનમાં ૯.૨૦ ટકા જેટલું મહત્વનું પ્રદાન કરેલું છે. ગુજરાતમાં કુલ પાકોના વાવેતરમાં ઉત્તરોત્તર અંદાજે ૨૦ હજાર હેક્ટર જેટલો વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારો દાડમ, જામફળ, ખારેક, પપૈયા જેવા પાકના હબ તરીકે ઉભરી આવ્યા છે. રાજ્ય સરકારની કૃષિ ટેકનોલોજીને પ્રોત્સાહન, સિંચાઈ સુવિધા અને ખેડૂત હિતકારી નીતિઓના પરિણામે સૂકા, અર્ધસુકા કે ખારાશ ધરાવતા વિસ્તારો પણ કૃષિ ઉત્પાદનની હરિયાળીથી લહેરાતા થયા છે. સરકારની આ યોજનાના ભાગરૂપે પ્રથમ રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ફળ-ઝાડની વાડીમાં પરિવર્તીત કરવા યોજના ઘડી છે. રાજ્ય સરકારે આ જિલ્લાઓમાં આવેલી બિન ઉપજાઉ ઉજ્જડ-બંજર પડતર સરકારી જમીનોમાં પણ અદ્યતન ટેકનોલોજીના સમન્વયથી બાગાયતી ઔષધિય પાક સમૃદ્ધિ દ્વારા નવઘડતર અને ખેડૂતોની આવક બમણી કરવા, રોજગાર સર્જન વધારવા મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની પહેલ કરી છે. મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનનો પ્રથમ તબક્કે રાજ્યના પાંચ જિલ્લા કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં અમલવારી શરૂ કરવાની મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે. આ મિશન અન્વયે બાગાયતી તથા ઔષધિય પાકો માટે રાજ્યમાં આવેલી બિન ઉપજાઉ સરકારી પડતર જમીનમાંથી રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલા વિસ્તારો અને સરવે નંબરની અંદાજે ૨૦ હજાર હેક્ટર જમીન ફકત આવા પાક વાવેતર માટે ૩૦ વર્ષની લીઝ-ભાડાપટ્ટે ફાળવવામાં આવશે. આના પરિણામે, બિન ઉપજાઉ સરકારી પડતર જમીનોનો યોગ્ય ઉપયોગ કરીને ફળ-ફૂલ, શાકભાજી, મસાલા તેમજ ઔષધિય પાકોની ખેતીનો વ્યાપ વધારવા પ્રોત્સાહન મળશે.



યાકુબ બાદી
તંત્રી

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૦-૦૧-૨૦૨૧, બુધવાર, પોષ સુદ-૭, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૫, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મેષ (અ.લ.ઇ.), નક્ષત્રઃ રેવતી

**- શુભ ચોઘડીયા -**

૭-૩૦ થી લાભ-અમૃત-૧૦-૧૪ સુધી, ૧૧-૩૬ થીશુભ-૧૨-૫૮ સુધી, ૧૫-૪૨ થી ચલ-લાભ-૧૮-૨૬ સુધી, ૨૦-૦૪થી શુભ-અમૃત-ચલ ૨૪-૫૮ સુધી

**- શુભ હોરા-**

૭-૩૦ થી ૯-૧૯ સુધી,૧૦-૧૪ થી ૧૧-૦૯ સુધી,૧૨-૫૮ થી ૧૫-૪૨ સુધી,૨૬-૩૭ થી ૧૭-૩૨ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- પરિવારના સભ્યો સાથે ઘરેલું પ્રશ્નોની ચર્ચા થાય ગુસ્સાને કાબુમાં રાખજો. નોકરીમાં લાભ રહેવાનો.

» વૃષભ (બ.વ.ઉ.) :- દિવસ દરમ્યાન અટકતા કાર્યોને વેગ મલવાનો મહત્વની વ્યકિતનો સહકાર રહેવાનો ધાર્મિક કાર્યમાં સફળતા.

» મિથુન (ક.છ.ઘ.) :- ભાઈ-બહેનો સાથે ગેર સમજો દૂર થવાની નવી ભાગીદારી ધંધામાં અનુકુળતા નાણાકીય રીતે નબળો સમય રહે.

» કર્ક (ડ.હ.) :- આધ્યાત્મિક વિચાર પ્રબળ બનવાના મહેનતનું ફળ મલવાનું રાજકીય વ્યકિતઓ સાથે પ્રવાસ થાય. મિલ્કતથી લાભ.

» સિંહ (મ.ટ.) :- કલર કેમીકલ્સ જેવા લાઇનમાં વિશેષ સફળતા મલવાની વિજાતીય સંબંધો ગાઢ બને સાગઈના કાર્યમાં સફળતા.

» કન્યા (પ.ઠ.ણ.) :- લકઝરી ચીજ વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ વધવાનું લખાણના કાર્યમાં સફળતા મલવાની પ્રવાસમાં લાભ રહેવાનો.

» તુલા (ર.ત.) :- ન ધારેલા લાભની આશા ફળવાની નોકરીમાં મનગમતી જગ્યા મલે. સામાજીક પ્રતિષ્ઠા વધવાની.

» વૃશ્ચિક (ન.ય.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના નોકરી ધંધામાં સફળતા રાજકીય વ્યકિતથી લાભ-માતાનો સહકાર રહે.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે. મીલ્કતની પ્રશ્નોથી લાભ સગાઈ લગ્નના કાર્યોમાં અવરોધો દૂર થાય.

» મકર (ખ.જ.) :- ભાગીદારો સાથે મતભેદો ટાળવા જીવન સાથીનો સહકાર મેળવવો. ઈસ્પોર્ટ બેકસ પોટ્રના ધંધાર્થી લાભ.

» કુંભ (ગ.શ.સ.) :- હરીફોથી લાભ મોસાળનો સહયોગ મલે નવી યોજનામાં કોઇ ઉતાવળા નિર્ણયો લેવાથી જાળવવું.

» મીન (દ.ચ.ઝ.) :- વધુ પડતા વિચારોને ટાળજો વિદેશથી લાભ સંતાને સહકાર દેજો માતુશ્રી સાથે ધાર્મિક યાત્રા પ્રવાસ થાય.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....




રવિ વિરપરીયા

### પ્રકરણ ૪૩

પ્રકરણ ૪૪

"કાના આ સાતમો પ્રોજેક્ટ છે. જે રાજકોટની ઈકોનોમી માટે બુસ્ટર ડોઝ સાબિત થવાનો છે. '' સાગર બોલ્યો.

"એટલે શું ? હું કંઈ સમજ્યો નહીં ?" મેં પૂછ્યું.

"કોઈપણ સિટીની નાઈટલાઈફ તે શહેરનું અસલી હાર્ટ હોય છે. એ લાઈફ જેટલી રંગીન, સુરક્ષિત અને બિંદાસ શહેર એટલું જ જીવંત અને રળિયામણું. દરેક શહેર માટે અમુક મેગા પ્રોજેક્ટ શહેરની શકલ બદલી નાખતા હોય છે. રાજકોટ માટે જેમ કે એઈમ્સ, ફ્યુચર લૅબ, ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ, એબોઝા ગ્રૂપનું ફ્રીડમ બૉક્સ, ગોલ્ડન રીંગ, ક્રિએટિવ ક્રિએશન સ્ટુડિયો(ઝઝજી) એન્ડ જલસા ક્લબ, અત્યારે રાજકોટનો દાયકો ચાલી રહ્યો છે. સરકારે પણ બહુ દૂરનું જોઈ શકે તેવા ક્લેકટર, અને કમિશનરો આપ્યા છે.'' તે બોલ્યો.

"સરકાર, એમાં શું કરે ? મિન્સ આ પ્રોજેકટ તો પ્રાઈવેટ કહેવાય ને ? અબોઝા ગ્રૂપ અને ઝઝજી વિશે મીરાએ વાત કરેલી. આ ગોલ્ડન રીંગ શું છે ? મેં ઝડપથી પગ ઉપાડતાં પ"અધિકારી વિઝનરી હોય અને ગવર્મેન્ટ પાસે કામ લેતાં આવડે તો ફક્ત એક શહેર માટે નહીં આખી દુનિયાને ઉપયોગી થઈ શકે એવા માઈલસ્ટોન ક્રિએટ કરી શકે. કોલેજના સ્ટુડન્ટોએ ડિઝની સ્ટુડિયોના એનીમેટરને ચૅલેન્જ આપવા બનાવેલી એનિમેશન ફિલ્મ 'હિમાલય' વિશે તો તને ખબર જ હશે. તેના ત્રણેય ક્રિએટરો 'સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ' હેઠળ અમેરિકાની એક યુનિર્વસિટીમાં ભણવા ગયેલાં. ત્યાંના એક સ્ટુડન્ટ ગ્રૂપે આપણાં સ્ટુડન્ટ્સને ટૉન્ટ મારતાં કહેલું "વાર્તાના દેશ પાસે કહેવા માટે સ્ટોરી નથી. તમારે વાર્તાઓ માટે અમારા કન્ટેન્ટ પર ડિપેન્ડ રહેવું પડે છે કા પછી એની કૉપી કરવી પડે છે.'' પહેલાં તો હેલ્ધી ચર્ચા તરીકે આખી વાત શરૂ થયેલી. પછી ગાડી અવળે પાટે ચડી ગઈ. દેશનું અને પોતાનું અપમાન થતાં આ ત્રણેયને સખત લાગી આવ્યુ.

આ ત્રિપુટીમાં એકના પપ્પા મોટા બિઝનેસમેન. તેને પૈસા રોક્યા. બીજાએ બુદ્ધિ રોકી અને ત્રીજાએ સંબંધો રોક્યા. ત્રણ વર્ષમાં બે એનીમેશન મુવી "હિમાલય અને 'સુંદરવન' આપી. આ બંન્ને ફિલ્મોએ ક્વૉલિટી અને સ્ટોરી ટૅલિંગની ટૅકનિક બાબતે ડિઝનીના ખેરખાંઓને પણ માથું ખંજવાળતા કરી દીધા છે. ભારતની સહુથી મોંઘી ફિલ્મ બનેલી હિમાલય મેગાહીટ છે. વર્લ્ડ લેવલે બૉક્સ ઑફિસ પર ધૂમ મચાવી રહી છે. કદાચ આ વર્ષે 'વ્હાઈટ ડેઝર્ટ' નામની ત્રીજી ફિલ્મ આવશે. અન્ય પ્રોજેક્ટ ચાલુ છે. એ સ્ટુડિયોનું હેડક્વાર્ટર રાજકોટમાં છે. એન્ડ સેકન્ડ જતીન ચોક્કસી. તેને પણ મળીશું ક્યારેક. ખાસ્સી રસપ્રદ ટેકનીકથી તેને ઈન્ડિયન કલ્ચરની ધોરી નસ પકડી છે. 'ફ્રફ્રર્હ્રડડફ્ર' સર્ચ એન્જીન તરીકે નેકસ્ટ પાંચ વર્ષમાં 'ગૂગલને જોરદાર ટક્કર આપવાનું છે. જોઈ લેજે. શા માટે એ જતીન ચોક્કસીને મળ્યા પછી ઓટોમેટિક સમજાઇ જશે.'' સાગરની શબ્દોની વાણી પાણીની જેમ વહી રહી હતી.

આપણે જે રસ્તા પર ચાલી રહ્યા છીએ તેનું નામ છે. 'ગોલ્ડન રીંગ'. રાજકોટ શહેરનો આ ત્રીજો રિંગરોડ સાચ્ચે જ ગોલ્ડન ઈકોનૉમિક કૉરિડૉર છે. પહેલી રીંગને પ્લેટીનમ રીંગ, બીજી રીંગને સિલ્વર રીંગ અને ત્રીજી રીંગને ગોલ્ડન રીંગ નામ આપવામાં આવ્યું છે. ડ્રોનમાંથી કેપ્ચર કરેલાં ફોટા જોજે ક્યારેક. આ અડધો બની ગયેલો રીંગરોડ ગોલ્ડન કલરથી રંગવામાં આવ્યો છે. જે દેશનો કદાચ પહેલો નોન કરપ્ટેડ રોડ છે.૩૬ કિલોમીટરની હાફ રીંગ અત્યારે રેસીંગ ટ્રેક બની શકે એવી વર્લ્ડ કલાસ ડીઝાઈન સાથે તૈયાર કરવામાં આવી છે.

આ રોડ પર તારી વર્લ્ડ કલાસ સ્કૂલ 'ફ્યુચર લેબ' છે. જેના પર ઈન્ડિયા ગર્વ લઈ શકે છે. યુથની ટેલેન્ટને આઝાદી આપતું પ્લેટફોર્મ આપતું ફ્રીડમ બૉક્સ છે. જે દેશમાં ક્રિએટિવિટીના સ્ટાર્ટઅપનું હબ કહેવાયય છે. અહીંયા પરફોર્મ કરવાની તક મળે એટલે તમને આર્ટિસ્ટ તરીકે એપૃવલ મળી જાય છે. એન્ડ લાસ્ટ મેગા પ્રોજેક્ટ જ્યાં આપણે આવી પહોંચ્યા છીએ એ 'જલસા કલબ'.

રાત્રિના નવ વાગવા આવ્યા હતા. અમારી નજર સામે લાઈટીગથી શણગારેલી વિશાળ અને ડીઝાઈનની દૃષ્ટિએ સાવ અનોખી ઈમારત દર્શન દઈ રહી હતી. અમે બંને ડાન્સીંગ ફુવારા વચ્ચે મહાલતાં ચાલી રહ્યા હતાં. વિવિધ દેશી પાત્રો દ્વારા થતાં સ્વાગત વચ્ચે અંદર પ્રવેશ્યા. ચિક્કાર જનમેદની શોરબકોર કરતી ઉદ્ઘાટનની રાહ જોઈ રહી હતી. અહિંયા રામાયણ અને મહાભારતના વિવિધ કેરેકટર આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. ટેમ્પરરી ઉભી કરેલી વિશાળ સ્ક્રીન પર 'કાકા' નું ભાષણ ચાલુ હતું.

"સાગર, આ 'જલસા કલબ' કાકાએ બનાવી છે'' મે આશ્ચર્યથી પૂછ્યું.

"યસ, માય ડીયર, એક સામાન્ય ખેતમજૂર ધારે તો ક્યાં પહોંચી શકે. એ તેમણે સાબિત કરી આપ્યું છે'' તે બોલ્યો.

"હું જ્યારે તેમને પહેલીવાર મળેલો ત્યારે તે સાવ સામાન્ય માણસ જેવા લાગેલા.'' મેં કહ્યું.

"તે વ્યક્તિ તરીકે સામાન્ય છે. પરંતુ તેમનાં સંબંધો, કામ અને સ્વભાવ અસામાન્ય છે. તેનાથી થોડુંક સર્તક અને જાગૃત રહેવું. તેમની પ્રામાણિકતા વિશે શંકા નથી પણ આ 'જલસા કલબ' ના પાછળ રહેલાં અસલી ડોન ઉપર જરાય ભરોસો ના કરવો.'' અમે બંને કલબના પ્રવેશદ્વાર પાસે આવીને ઉભા રહ્યા.

"હૈયામાં હામ અને બાવડામાં જોમ હોય તે ભગવાન પણ કહી દે. ભાઈ, તું તારુ નસીબ જાતે લખી લે. મારા બાપાની આર્થિક સ્થિતિ બહુ નબળી. ખાવાના માંડ ભેગા થયા એમાં ભણાવે ક્યાંથી ? દુનિયાદારી નાની ઉમરે શીખી ગયો. ચાનો સ્ટોલ નાખ્યો. ત્યાં મધરાત સુધી હું બેસતો. ભણતાં છોકરાની પરિસ્થિતિ જોતો. કયારેક તેમને ભૂખ્યું સુઈ જવું પડતું. તેમને ચા નાસ્તો પૈસા થાય ત્યારે આપવાની શરતે તેમના પેટનો ખાડો પૂરતો. સાથે હું ખેતમજૂરી કરતો. તેમાંથી થોડી સગવડ થતાં એક ભેંસ લીધી. ધીરે ધીરે મારો વાડો નાના તબેલામાં ફેરવાઈ ગયો. નસીબજોગે વાડાની જમીન સસ્તામાં મળી ગઈ. તે જમીન મોંઘાભાવે વેચાતાં હું કરોડો કમાયો. પછી તો જમીનની લે-વેચમાં પડ્યો. ભગવાનની દયાથી સારા દિવસો આવ્યા. જમીનના બે ત્રણ સોદામાં સારૂ કમાઈ ગયો. મારી ચાની લારી ચાલુ હતી. તેની પાછળની જમીન પ્રત્યે કુદરતી માયા બંધાઈ ગયેલી. એ ખરીદી લીધી.ત્યાં 'કાકાની કિટલી' શરૂ કરી.

'જલસા કલબ' મારું નાનપણનું સપનું હતું. ગામના ચોરે મારા બાપુજી અને તેના મિત્રો ટાઈમ કાઢવા જુગાર રમતાં. તેમાં પૈસાની લેતી-દેતી ના હોય, ફક્ત મનોરંજન હોય. પોલિસે ત્યાં રેડ પડી. ખોટ કેસ કરી. બધાને જેલમાં પૂર્યા. નામ જાહેર ના કરવા અને કેસ પાછો ખેચવાં માટે સારી એવી રકમનો તોડ કર્યો. આજે પણ ગામડામાં દારૂની જેમ આવા જુગાર ની કલબો નિયમિત હપ્તા ઉઘરાવીને ચલાવાય છે.

મારે દેશી રમતો અને જુગાર માટેની કલબ શરૂ કરવી હતી. સરકાર કોઈ વાતે મંજૂરી આપતી નહોતી. દિલ્હી સુધી ખૂબ દોડધામ કરી. કંઈ મેળ ના પડ્યો. 'ગબ્બર ભાઈ' ના કાને આ વાત પહોંચી તેમણે કેસ હાથમાં લીધો. મારી સાથે પાર્ટનરશિપ કરી. આખરે રાજકોટને મનોરંજનનો નવો વિકલ્પ મેળવી આપ્યો. આ દેશી કસીનોમાં આપણી દેશી રમતો સાથે ઘણુંબધું સામેલ છે.

એક નાનકડો પ્રયાસ છે. દેશની ભૂલાતી જતી પ્રાચીન રમતો અને સંસ્કૃતિને સાચવવાનો. જાહેરમાં એટલું કહીશ આ 'કાકાની કિટલી'ની જેમ સમાજસેવા નથી. દેશી રમતોની ફી સામાન્ય પરિવારના બાળકો રમી શકે એટલી નોર્મલ રાખી છે. જ્યારે જુગાર મોંઘો પડશે. જલસા કરવા હોય તો રુપિયા ચૂકવવા પડે ને ? આપ સહુ ઉદ્ઘાટન કાર્યક્રમમાં આવ્યા. મને શાંતિથી સાંભળ્યો એ માટે દિલથી આભાર. આજથી આ જલસા ક્લબ જાહેર જનતામાટેખુલ્લીમુકવામાંઆવેછે."

બધાએ તાલીઓના ગડગડાટથી તેમના ભાષણને વધાવી લીધું. કાકાએ રિબીન કાપી. જલસા કલબનું ઓપનીંગ થયું. કાકાની સાથે લોકો અંદર પ્રવેશવા લાગ્યા.

"સાગર આ ગબ્બર ભાઈ કોણ છે?''મેં પૂછ્યું.

"એ ભાઈ નથી. એનું નામ છે 'ગબ્બર ડોન'. કિંમતી જમીનો પર પેશકદમી સાથે ગેરકાનૂની અને સરકારી કામોમાં ટકાવારી એનો સાઈડ બિઝનેસ છે. તેનું મુખ્ય કામ છે દેશની પ્રાચીન વારસાની કલાત્મક વસ્તુઓનો દેશના બુદ્ધિધનનો વેપાર. તે ગજબનાક બુદ્ધિશાળી છે. તેને વ્હાઈટ અને ઓર્ગનાઈઝડ ક્રાઈમનું અન્ડર ટૅબલ જબરદસ્ત નેટવર્ક ઉભુ કર્યું છે. તે લિંકઅપ મેન છે. દેશમાં પોલિટીશયનો, ઉદ્યોગપતિઓ અને ટોચના અધિકારીઓની કરમ કુંડળી જાણે છે. એ બધાના ઈગો અને શોખને સાચવી જાણે છે. દેશમાં કોઈપણ મોટો પ્રોજેક્ટ તેની દરમિયાનગીરી વગર મંજૂર થઈ શકતો નથી. તેના નામે કોઈ હોદ્દો કે સંપત્તિ નથી. તો પણ તે દુનિયાના ટોપ ૧૦ પાવરફુલ પર્સનના લિસ્ટમાં સામેલ છે. આપણે આવડી મોટી હસ્તી સામે વટથી દુશ્મની નિભાવવાની છે'' સાગરના શબ્દો સાંભળી હું વિચારમાં પડી ગયો.

'સાગર આ તો જો કેવું જબરદસ્ત બનાવ્યું છે." અમે ક્લબની અંદર દાખલ થઈ ગયા હતા.. નજર સામે દોરડા કૂદ, નાગોલીયો, ગીલ્લી દંડો, બરછી લઈને કેટલીય દેશી રમતોનો વિભાગ હતો. એકબાજુ 'ચોપાટ'ના દાવ ખેલાય રહ્યા હતા. બીજી બાજુ 'મલ્લ કુસ્તી'થી લઈ અખાડાના દાવપેચ સુધીની રમતો જોઈ શકાતી હતી, હું આખો પહોળી કરીને બધું જોઈ રહ્યો હતો. તીરંદાજી, અસ્ત્ર - શસ્ત્ર વિદ્યા થી લઈને પ્રાચીન કારીગરીની રમતો પણ મોજૂદ હતી.

" જલસા ક્લબ માટે વર્લ્ડના ત્રણ બેસ્ટ કેસિનોની ડિઝાઈન અને આર્કિટેક્ચરના મોર્ડનાઈઝેશન સાથે ઈન્ડિયન કલ્ચરની જૂની સ્થાપત્યકલાનો અભ્યાસ કરી ખૂબ જ ઝીણું કાતવામાં આવ્યું છે. વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાટ્રકચર અને સર્વિસ બાબતે જલસા કલબ બેનમૂન બની રહેશે. કાકાનો લગાવ અને સંવેદના હું જાણું છું. તે શોખથી જીવવાવાળો માણસ છે. સમાજને કંઈક આપવામાં માને એવો. પરંતુ મને ગબ્બર ડોન ઉપર વિશ્વાસ નથી તે કાકા ઉપર હાવી થઈ ગયો તો તેના ભયંકર પરિણામો આવી શકે છે." સાગર ભવિષ્ય ભાખી રહ્યો હોય તેમ બોલ્યો.

"સાગર, તારે એ ડોન સાથે શું દુશ્મની છે ?" મેં બીતાં બીતાં પૂછ્યું.

"તું બહુ નસીબદાર છે. સામે જો. એ તને દર્શન આપવા ખુદ આવી રહ્યો છે. હમણાં બધું સમજાય જશે." સાગરના શબ્દો સાંભળતાં જ મારા હૃદયના ધબકારા વધી ગયા.

(ક્રમશઃ)

# ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ – ૨૦૨૦

સરકારી જમીનો અને ગૌચર પચાવી પાડનાર સામે કાર્યવાહીઓ કરવા અક્ષમ તંત્ર ભૂમાફિયાએ પચાવી પાડેલી આપણી મિલકતો પરત અપાવશે એવું તમને લાગે છે?

છેલ્લા ઘણા વર્ષોથી ભૂમાફિયાઓ દ્વારા કિંમતી જમીનો પચાવી પાડવાના કિસ્સાઓ સામે આવતા હતા. કેટલીક જગ્યાઓ પર જમીનના ભાવો સાતવે આસમાને પહોંચતા ફાયરિંગ અને મારામારીની ઘટનાઓ થકી જમીનો પચાવી પાડવા કે કબ્જો ખાલી કરાવવા માટે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા પણ ઉડતા જોવા/વાંચવા મળ્યા. થોડા દિવસ પહેલા જ રાજયમાં પ્રથમ વખત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અમલી બન્યો. આ એક્ટ હેઠળ કોઈપણ પ્રકારની મિલકત પચાવી પાડનાર ઈસમો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આપણા મુખ્યમંત્રી સાહેબના કહેવા મૂજબ કોઈ પણ નિર્દોષ વ્યક્તિની જમીન, દુકાન, ઓફિસ કે મિલકત પચાવી પાડવામાં આવી હોય કે ગેરકાયદેસર કબ્જો મેળવવામાં આવેલ હોય તો તેવા માથાભારે શખ્શોની હવે ખેર નથી.

આ એક્ટ મુજબ કલેકટરની અધ્યક્ષતામાં સાત જેટલા અધિકારીઓની દરેક જીલ્લામાં એક કમિટી બનાવવામાં આવશે. જેમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળના સી.ઈ.ઓ. નો સમાવેશ થશે. આ કમિટિના સભ્ય સચિવ તરીકે અધિક નિવાસી કલેક્ટર રહેશે. દર ૧૫ દિવસે કમિટીની બેઠક મળશે તથા સભ્ય સચિવ જે ફરિયાદો રજૂ કરશે તેની તપાસ પ્રાંત અધિકારી કે મામલતદાર દ્વારા કરવામાં આવશે. આ કમિટી સમક્ષ રજૂ થયેલ તપાસ અહેવાલ પર એકવીસ દિવસમાં નિર્ણય લેવાનો રહેશે.

જમીન હડપ કરવાના કેસોની ઝડપી સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટની રચનાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક સ્પેશિયલ કોર્ટમાં સરકારી વકીલની નિમણુંક કરવાની પણ વિચારણા છે. સ્પેશિયલ કોર્ટને દિવાની અને ફોજદારી બંને પ્રકારના





ચિંતન વૈષ્ણવ
'જાગતે રહો'

મુકદ્દમા ચલાવવાની સત્તા આપવામાં આવશે. ફરિયાદમાં થયેલા આરોપો ખોટા છે એ પુરવાર કરવાની જવાબદારી આરોપી ભૂમાફિયાને માથે રહેશે. આ કાયદા હેઠળ જમીનો પચાવી પાડનારની વ્યાખ્યામાં ગેરકાયદેસર કબ્જો મેળવનાર, આવી જગ્યાઓ પર બાંધકામ કરનાર, બાંધકામ માટે પૈસા પૂરા પાડનાર, ભોગવટેદાર પાસેથી ધાકધમકીથી ભાડું, વળતર કે વસૂલાત કરનાર અને તેમાં મદદ કરનાર તમામનો સમાવેશ થાય છે.

લેન્ડ ગ્રેબિંગ હેઠળ સ્પેશિયલ કોર્ટ દ્વારા ફરિયાદ દાખલ કરવાની સૂચના આપવામાં આવ્યેથી ૩૦ દિવસમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવશે. ફરિયાદની તપાસ ડીવાય.એસ.પી. કક્ષાના અધિકારી કરશે. કેટલાક સરકારી જમીનો પચાવી પાડવાના ખાસ કિસ્સાઓમાં કલેકટર/સરકાર સ્યૂઓમોટો પણ ફરિયાદ કરી શકશે. ખાસ અદાલતોમાં વધુમાંવધુ છ માહિનામાં ગુનાની સજા કરી દેવાની રહેશે. આરોપી દોષિત સાબિત થાય તો ૧૦ થી લઈને ૧૪ વર્ષ સુધીની સજાની જોગવાઈ સાથોસાથ જંત્રીની કિંમત સુધીના નાણાકીય દંડની પણ જોગવાઈ પણ આ કાયદા હેઠળ કરવામાં આવી છે.

આ વાત તો થઈ નવા લેન્ડ ગ્રેબિંગ કાયદામાં રહેલી જોગવાઈઓને સરળતાથી સમજવાની. હવે આ કાયદા થકી ઉદભાવવાની શક્યતાઓ અંગે થોડી ચિંતા પણ કરી લઈએ. બેશક આ કાયદો જરૂરી હતો અને હું તો કહું છું કે સરકારને ખૂબ મોડો વિચાર આવ્યો આ કાયદાને અમલમાં લાવવાનો. કેટલાય માથાભારે માણસોને મે મામલતદાર તરીકે ગરીબ અથવા સામાન્ય ખેડૂતોની જમીનો હડપ કરતાં જોયા છે. સામે પક્ષે આ બિચારા લોકોને તંત્રની મદદ માંગવા દોડાદોડી કરતાં, વારંવાર ધક્કાઓ ખાતા, વકીલો અને કોર્ટ કચેરીઓના ચકકરો લગાવતા મે જોયા છે. છેલ્લે થાકી હારીને રાજકીય નેતાઓના પગ પકડતા પણ જોયા છે. અને પછી મજબૂરીવશ પોતાની કિંમતી જમીનોને કોડીની કિંમતે એ જ નેતાઓના મળતીયાઓને વેચવા મજબૂર બનેલા દુ:ખી લોકોને પણ મે જોયા છે.

અત્યારસુધી અમારી મજબૂરી એ હતી કે અમે પણ મૂક પ્રેક્ષક બનીને આ તમાશો જોયા સિવાય કશું કરી શકતા ન હતા કારણકે આવા ઈસમો પર કાર્યવાહી કરવા માટેનો કોઈ કાયદો જ અમલમાં હતો નહીં. હવે આ કાયદાની મદદથી નિષ્ઠાવાન અધિકારીઓ ધારશે તો કેટલાય લોકોને તેમના હકની જમીનો, પ્લોટ, મિલકત ગુંડાઓના કબજામાથી છોડાવી તેમને પરત અપાવીને ન્યાય અપાવી શકશે. જો અધિકારીઓ આ કાયદાનો દુરૂપિયોગ કરવા લાગશે તો આ કાયદો ભ્રષ્ટાચારના અત્યારસુધીના તમામ રેકર્ડ્સ તોડી પાડશે એ પણ નરી વાસ્તવિકતા છે. સુફિયાણી વાતો કરવામાં માહેર રાજકીય આગેવાનોએ આ કાયદાને લઈને ખૂબ મોટી મોટી વાતો કરી છે. પરંતુ શું ખરેખર આ કાયદો બનાવવા પાછળનો મૂળ હેતુ બિચારા દુ:ખી લોકો કે જેમની મિલકત ભૂમાફિયાઓએ પચાવી પાડી છે તેમના ઉદ્ધાર માટેનો જ છે કે પછી આ કાયદો બનાવવા પાછળ કઈક બીજું ગણિત લાગે છે?

(ક્રમશઃ)

# કોરોના રસીને લઈને વિશ્વના દેશોની નજર ભારત પર શા માટે?!

દેશભરમાં કોરોના કેસોની સંખ્યા દિવસો-દિવસ ઘટતી જઇ રહી છે તેને કારણે લોકોમાં કોરોનાનો ડર પણ દૂર થવા લાગ્યો છે..... પરંતુ મેડિકલ નિષ્ણાતોના કહેવા અનુસાર કોરોના સદંતર ગયો નથી તેથી દરેક લોકોએ સાવચેત રહેવાની જરૂર છે તેમાં પણ માસ્ક, હાથ ધોવાનું કામ ખાસ જરૂરી છે. સરકારે દેશ ભરમાં કોરોના વેક્સિન આપવા માટે વિશ્વભરમાં સૌપ્રથમ વિશાળ પ્રમાણમાં ભારતમાં અભિયાન ચલાવ્યું તેમાં ત્રણ કેસ છોડીને મોટાભાગે સફળતા પ્રાપ્ત થઈ છે. આ કારણે પ્રાયોરિટી અનુસાર નક્કી કરેલ અએક કરોડ પૈકી ૩ લાખ ૮૦ હજારથી વધુ લોકોને રસી આપવામા આવી. તેમજ જે લોકોને રસી આપવાની બાકી છે તે તમામને આગામી મહિના દરમિયાન આપી દેવામાં આવશે. સરકારની કોરોના રસી આપવાની શરૂઆત થતાં સમયે એક નવા સમાચાર આવ્યા કે દેશમાં ત્રીજી રસી આવી ગઈ છે જે રશિયાની કોવિડ વેક્સિન છે અને તેની ત્રીજા તબક્કાની ક્લિનીકલી ટ્રાયલ માટે મંજૂરી આપી દેવામાં આવી છે. ટૂંકમાં ભારત વિશ્વમાં છવાઈ ગયું છે જેનું કારણ જોઈએ તો વિશ્વના ૬૦ થી વધુ દેશોએ ભારત પાસે કોરોના રસીની માંગ કરી છે. વિશ્વના દેશોની નજર ભારતમાં બનેલી દેશી કોરોના વેક્સિન પર છે.... ભારતે બે કરોડ જેટલા રસીના ડોઝ પડોશી રાજ્યોને આપવા માટેની તૈયારી કરી લીધી છે. ટૂંકમાં ભારતની દેશી કોરોના રસી સફળ રહી છે તે મોટી અને આનંદની વાત છે. હવે સરકારને કોરોનાની ચિંતા ઓછી થઈ જશે એટલે હવે દેશના આગામી બજેટ,બર્ડ ફ્લુ, ખેડૂત પ્રશ્નો સહિતના વિવિધ પ્રશ્નો ઉકેલવા તરફ વધુ સમય ફાળવી શકશે. કેન્દ્રનું બજેટ સત્ર આગામી ૨૯ મી જાન્યુઆરીથી શરૂ થનાર છે પરંતુ આ સત્ર બે ભાગમાં વહેંચી દેવાયું છે જેમાં બીજો ભાગ ૮ મી એપ્રિલ સુધી ચાલશે અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ નું સામાન્ય બજેટ પહેલી ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ થનાર છે. ત્યારે નાણામંત્રી પર સૌથી મોટી જવાબદારી કોરોના મંદીમાંથી દેશને બેઠો કરી દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડી જાય તે માટેના વિવિધ આયોજનો સાથેની છે. હવે બજેટ કેવું રજૂ કરે છે તેના પર દેશની વિવિધ આર્થિક ક્ષેત્રોનો આધાર છે.....!! ભારતના પડોશી દેશો પૈકી ચીન અને પાકિસ્તાનની સ્વાર્થભરી દોસ્તીએ ભારતમાં પાકિસ્તાનની ઘૂસણખોરી કરાવવાથી લઈને ત્રાસવાદી હુમલા વધારે દીધા છે તો સામે આપણા જવાનો પણ જડબાતોડ જવાબ આપી રહ્યા છે. જોકે કોરોનાના બીજા તબક્કાની મહામારી વચ્ચે ફસાયેલા ચીને આપણા દેશના રાજ્ય અરુણાચલ વિસ્તારમાં ઘુસી ગયું જે અંદાજે ૬૦ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ઘુસવા સાથે મકાનો પણ ઉભા કરી દીધા છે જેની જાણ સરકારને વિદેશી ઉપગ્રહો દ્વારા થઈ એટલે સરકાર હવે ચીન સામે ચક્રવ્યુહ ઘડવામાં લાગી ગઈ છે. લશ્કરનું ધ્યાન મોટાભાગે લડાખ અને ગરવાન સરહદ પર વધારે પ્રમાણમાં રાખવું પડ્યું છે કારણ ચીને મોટા પ્રમાણમા લશ્કર ખડકી દીધુ હતું જેથી ત્યાં વધારે પ્રમાણમાં આપણું લશ્કર રહ્યું છે કારણ કે ચીને જે રીતે ઘૂસણખોરી કરી હતી તે ચિંતા ઉપજાવનારી હતી. પોક વિસ્તારના લોકોનો ભારે વિરોધ થઈ રહ્યો છે. તો પાકિસ્તાનમાં મોંઘવારીથી લઈને વિવિધ અનેક પ્રશ્ને ત્રાસી ગયેલ સિંધ પ્રાંતના લોકો રોડ- રસ્તા ઉપર ઈમરાન ખાન સરકારની વિરોધમાં આવી ગયા છે અને ભારે દેખાવો કરી રહ્યા છે. જેમાં અલગ દેશની માગ કરવા સાથે આપણા વડાપ્રધાન મોદીજીના ફોટા બતાવી જોરદાર દેખાવ કરી રહ્યા છે. તેની મોટી અસર પાકિસ્તાનમાં પડી છે. ખુદ પાકિસ્તાનની પ્રજા ઈમરાન સરકારથી બેહદ પરેશાન થઈ ગઈ છે એટલે અહીં ક્યારે શું ઘટના ઘટી શકે તે કોઈ કહી શકે તેમ નથી.....! કારણ લશ્કર પણ ઈમરાન ખાનને ઈચ્છતું નથી.....!!

# વિવાહિત પુત્રી પર બળાત્કાર ગુજારનાર નરાધમ પિતાની હત્યા

### હત્યા કરનાર દિયર અને મિત્ર ફરાર

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૯

પિતા અને પુત્રીનો જુદા જુદા ભાવનાત્મક સંબંધ છે. આ સંબંધોમાં પ્રચંડ પ્રેમ, સ્નેહ, આત્મીયતા,હોય છે. જ્યારે કોઈ પુત્રીનું લગ્ન થાય છે અને સાસરે જાય છે, ત્યારે પિતા માતા કરતાં વધુ ભાવનાશીલ બને છે. પુત્રીના લગ્ન પછી, પિતા ઘણા મહિનાઓ સુધી તેને યાદ કરતા રહે છે. જોકે, નાગપુરમાં એક ઘટના બની છે જેણે આ સંબંધોને કાળો ડાઘ લગાડ્યો છે.આ વિકૃત અને વિચિત્ર ઘટનાની કલ્પના ક્યારેય કોઈ કરી શકતા નથી.આવી ભયાનક અને શરમજનક ઘટના છે. આ ઘટના નાગપુરના હડકેશ્વર પોલીસ સ્ટેશનની હદમાં બની છે.પુત્રી અને પિતા-પુત્રી વચ્ચેના સબંધ પવિત્ર માનવામાં આવે છે. જે પિતાએ બાળકીને જન્મ અપાવ્યો તેની સાથે સબંધ બાંધતા સાસરિયાએ તે હવસખોર પિતાની હત્યા કરી હતી. આ ઘટનાથી નાગપુરમાં ભારે હંગામો થયો છે. મૂળ લખનૌમા રહેતો મોતી ગોસ્વામી (નામ બદલ્યું છે), તેની દીકરી સાથે અનૈતિક સબંધ હતો.. થોડાક દિવસો પહેલા મોતીની પુત્રીના લગ્ન થયા હતા. લગ્ન પછી યુવતી તેના સાસરિયામા નાગપુર આવી હતી. ત્યાર બાદ લોકડાઉનને કારણે મોતી ગોસ્વામી પણ નાગપુરમાં પુત્રી સાથે રહેવા આવ્યો. કાચની વસ્તુઓ બનાવી તે વેચવાનું કામ કરતો હતો..કામ સારૂ ચાલતુ હોવાથી તે પુત્રીના ઘરે જ રહેતો હતો.નાના ઘરમા અડચણ ઉભી થતા ૧૫ દિવસ પહેલા તેને અન્ય ઠેકાણે રહેવા જણાવવામા આવ્યુ હતુ.જેને લઈને મોતીએ તેઓ ઘરની બાજુમા એક શેડમા રહેવા લાગ્યો હતો.પુત્રીના લગ્ન પછી પણ તેણે તેની દીકરી સાથે અનૈતિક સબંધ રાખવનું ચાલુ રાખ્યુ હતુ. શરૂઆતમાં,છોકરીના સાસરિયામા કોઈને પણ શંકા ગઈ નહોતી .છોકરીનો દિયર અને તેનો મિત્ર મોતી ઉપર નજર રાખતા હતા. રવિવારે રાત્રે પિતાને ડબ્બો આપવા ગયેલ પુત્રી પર બળજબરી કરવાનો પ્રયાસ કરતા પિતાને જોયો હતો.મોતી ખોટા ઉદ્દેશથી ઘરે આવ્યો હોવાનું જાણતાં યુવતીના દિયરે પોતાના મિત્ર સાથે મળી આરોપી પિતા પર હુમલો કર્યો હતો. આ હુમલામાં મોતી માર્યો ગયો હતો. બનાવની માહિતી મળતાં હુડકેશ્વર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી પંચનામું કર્યુ હતુ.હત્યાના કેસમાં બે આરોપી ફરાર છે અને પોલીસ તેમની શોધ કરી રહી છે.

# મુંબઈમાં કોવિડ રસીકરણની કોવિન એપ્લિકેશન ફરી ચાલુ કરાઈ

### અઠવાડિયામા ચાર દિવસ કોરોનાની રસી આપવામા આવશે

ચક્વાત ટીમ, મુંબઈ,૧૯

કોવિડ રસીકરણ માટેની કોવિન એપ્લિકેશન આજથી ફરી ચાલુ કરવામાં આવી છે. શનિવારે રસીકરણના પ્રારંભ દરમિયાન એપ્લિકેશન ડાઉન થતા રજીસ્ટ્રેશન કરવામા વિઘ્ન ઉભુ થયુ હતુ. જેના કારણે આરોગ્ય પ્રણાલીને મોટો આંચકો લાગ્યો હતો.. હવે એપ દ્વારા વેક્સિન રસીકરણ ફરી શરૂ થઈ ગયું છે.

રસી લેનાર,રસીકરણના લાભાર્થી વિશેની, એપ્લિકેશન દ્વારા સીધા કેન્દ્ર સરકારને માહિતી પહોચાડવામા આવે છે. આધાર કાર્ડ અને પેન કાર્ડ ડેટા એન્ટ્રી ઓપરેટર્સ હવે ઓનલાઈન એપ્લિકેશન દ્વારા સરળતાથી માહિતી ભરી શકશે. એપ્લિકેશન બંધ હોવાને કારણે રસીકરણ માટે કર્મચારીઓનો ફોન દ્વારા સંપર્ક કરવામાં આવી રહ્યો હતો. જો કે, ઓફલાઈન રસી ન આપવાનો આદેશ કેન્દ્ર તરફથી પ્રાપ્ત થયો હતો. કેન્દ્રના આદેશના પગલે ઓફલાઈન રસીકરણ બંધ કરવામાં આવ્યું હતું. જોકે, આજથી અઠવાડિયાના ચાર દિવસ કોરોના સામે રસીકરણ ફરી શરૂ થયું છે. આજથી કોવિન એપ્લિકેશન સરળતાથી ચાલી રહી છે.કોરોના રસીકરણ ફરી શરૂ થયું છે. આ રસી અઠવાડિયામાં ચાર વખત મંગળવાર,બુધવાર ,શુકવાર અને શનિવારે આપવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભારતમાં વિશ્વના સૌથી મોટા રસીકરણ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. કેન્દ્રના આદેશ બાદ બંધ થયેલ રસીકરણ અભિયાન આજથી ફરી શરૂ થઈ ગયું છે આજથી દરેક કેન્દ્ર પર ૧૦૦ આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવશે.

કેન્દ્ર દ્વારા કોરોના રસીકરણ માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે. કોરોના નિવારક રસીકરણ ઓફલાઈન નોંધણી કરાવી શકાતું નથી. તેથી, કોવિન એપ્લિકેશનથી કેટલીક ટેકનિકલ સમસ્યાઓ સુધારવા માટે રસીકરણ ૧૭ અને ૧૮ જાન્યુઆરીએ બંધ રાખવામાં આવ્યુ હતુ.

### કાગડાનો જીવ બચાવી માનવતાનું દર્શાવતો કોન્સ્ટેબલ...



પોલીસ કોન્સ્ટેબલ કિરણ બારસીંગ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે ઓબેરોય સ્કાય બેક રોડ પર ઝાડ પર બેસેલ કાગડાની પાંખમા પતંગના માંજો અટકયો હતો. બારસિંગે ઝડપથી ઝાડ ચડીને કાગડોનો જીવ બચાવ્યો હતો.

# મિરા-ભાયંદરમાં ૧૫ દિવસે એક દિવસ પાણી પૂરવઠો સ્ટેમમાથી બંધ રહેશે

### સ્ટેમ તરફથી મળતો પાણી પૂરવઠો બુધવારે ૨૪ કલાક બંધ રહેશે

ચક્વાત ટીમ, મુંબઈ,૧૮

મિરા-ભાયંદર શહેરને એમઆઈડીસી અને સ્ટેમ દ્વારા પાણી પૂરવઠો પૂરો પાડવામા આવે છે. સ્ટેમ દ્વારા પાણી પૂરવઠામા કપાત જાહેર કરાતા હવે દર ૧૫ દિવસે એક દિવસ પૂરવઠો બંધ રાખવામા આવશે

શહેરને સ્ટેમ અને એમઆઈડીસી દ્વારા ૧૯૧ એમએલડી પાણી પૂરવઠો પૂરો પાડવામા આવે છે જેમાથી લિકેજ બાદ કરતા આશરે ૧૬૫ એમએલડીની આસપાસ પાણી પૂરવઠો રહેવાશીઓને મળે છે. મિરા ભાયંદર શહેરને આંન્દ્ર ડેમ અને બારવી ડેમમાથી સ્ટેમ અને એમઆઈડીસી દ્વારા પાણી પૂરવઠો મળે છે.જેમા સ્ટેમમાથી ૮૬ એમએલડી અને ૧૦૫ એમએલડી એમઆઈડીસીમાથી પ્રાપ્ત થાય છે.જ્યારે ૨૨૫ એમએલડી ની સાથે ૧૬૫ એમએલડી પૂરવઠો પ્રાપ્ત થતા એક વખત પાણી પૂરવઠો મળ્યા બાદ ફરી ૪૦ થી ૪૮ કલાકે ફરી પાણી દરેક વિસ્તારમા પ્રાપ્ત થાય છે. શહેરને પાણી પૂરવઠો પૂરો પાડતા સ્ટેમ દ્વારા ૨૦૨૦-૨૧ માટે પાણી પૂરવઠામા કપાત જાહેર કર્યુ છે.જેને લઈને હવેથી દર ૧૫ દિવસે સ્ટેમ દ્વારા એક દિવસ પાણી પૂરવઠો બંધ રાખવામા આવશે. તે પ્રમાણે ૨૦ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ૨૪ કલાક માટે સ્ટેમ દ્વારા પાણી પૂરવઠો બંધ રાખવામા આવનાર હોવાથી શહેરને પાણી પૂરવઠો ઓછા દબાણે મળશે.

# પાલઘર જિલ્લાની ૩ ગ્રામપંચાયતની ચૂંટણી બવિઆ, શિવસેના, સ્થાનિક આઘાડીની જીત

### વસઈ તાલુકાના પાલી ગ્રામપંચાયતમા એક મતે બવિઆના ઉમેદવારની જીત



ચક્વાત ટીમ, મુંબઈ ૧૯

રાજ્યમાં થયેલી ૧૫ જાન્યુઆરીના થયેલી ૩૪ જિલ્લાની ૧૨૭૧૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીની સોમવારે ચાલી રહેલી મત ગણતરી દરમિયાન શિવસેના હેઠળની મહાવિકાસ આઘાડીની સરકાર અને ભાજપ એમ બંને પક્ષે રાજ્યમાં બહુમતી મળી હોવાનો દાવો કર્યો હતો.પાલઘર જિલ્લામા થયેલ ૩ ગ્રામપંચાયતની ચૂંટણીમાથી વસઈ તાલુકાની બવિઆ (બહુજન વિકાસ આઘાડી) ,સત્પાળામા ગ્રામસમૃધ્ધી પેનલ અને સાગાવે પર શિવસેનાના ઉમેદવારોએ જીત મેળવી સત્તા હાંસિલ કરી છે. વસઈ તાલુકાની સત્પાળા ગ્રામપંચાયતમા ૧૧ જગ્યાઓમાથી ૯ જગ્યા પર ગ્રામસમૃધ્ધી પેનલે જીત મેળવીને સત્તા મેળવી છે.જ્યારે વસઈ તાલુકાના નાયગાંવ પશ્રિમમા આવેલ પાલી ગ્રામપંચાયતમા ૭ જગ્યામાથી ૬ જગ્યા પર બવિઆએ જીત મેળવીને સત્તા મેળવી છે.પાલીમા ૩ જગ્યા બિનવિરોધ ચૂંટાતા ૪ જગ્યા માટે ચૂંટણી યોજવામા આવી હતી. બવિઆ દ્વારા યુવા ઉમેદવારોને ગ્રામપંચાયતની ચૂંટણીમા ઉમેદવારો ઉભા રાખવામા આવ્યા છે.તેમા બવિઆની મહિલા ઉમેદવાર ઓગા વિલાસ દુરગુડે એક મતે વિજયી થઈ હતી.બવિઆને ગઈ ચૂંટણીમા ૭ માથી સાત જગ્યા પર જીત મેળવી હતી,પરંતુ આ વખતે તેઓને છ પર જીત મળતા એક જગ્યાએ શિવસેનાની જીત થતા નુકશાન ભોગવવાનું આવ્યુ છે. પાલઘર તાલુકાના સાગાવે ગ્રામપંચાયતની શિવસેના પુરસ્કૃત યુવા પરિવર્તન પેનલે ૭ માથી ૪ જગ્યા પર જીત મેળવી ભગવો ફરકાવ્યો છે.

# રોડ અકસ્માતમાં સૌથી વધુ મોત, ટોચના ત્રણ રાજ્યમાં મહારાષ્ટ્ર સમાવિષ્ટ, ચિંતાજનક બાબત : સરકાર

ચક્વાત ટીમ, મુંબઈ ૧૯

૨૦૨૦માં રાજ્યમાં માર્ગ અકસ્માતમાં ૧૧,૪૫૨ લોકોનાં મૃત્યુ થવા સાથે મહારાષ્ટ્ર દેશના ટોચના ત્રણ રાજ્યમાં સામેલ થયું છે જ્યાં રોડ અકસ્માતમાં સૌથી વધુ મૃત્યુ નોંધાય છે, એમ રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન અનિલ પરબે જણાવ્યું હતું. ૨૦૨૧ના ૩૨મા રોડ સેફ્ટી વીકનું ઉદ્ઘાટન કરતા સમયે આ આંકડા અંગે ચિંતા વ્યક્ત કરતા રાજ્યના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે આ ગંભીર બાબત છે. રોડ અકસ્માતના કેસોમાં મહારાષ્ટ્રનું નામ આવવું જ ના જોઈએ. રોડ સેફ્ટીની ઝુંબેશ ફક્ત એકાદ સપ્તાહ કે મહિના કે વર્ષ પુરતી જ મર્યાદિત ના રહેતા નિયમિતપણે યોજાવી જોઈએ. રોડ સેફ્ટીના નિયમોના બૂસ્ટર ડોઝ નિયમિત સમયાંતરે આપવા જોઈએ. ઠાકરે લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની અને સંયમ વર્તી યમ (મૃત્યુના દેવ)ને દૂર રાખવાની પણ અપીલ કરી હતી. ‘મારી જાણમાં આવ્યું છે કે એવી કોઈ નવી ટૅક્નોલોજી આવી છે જે ડ્રાઈવિંગ વખતે થાકને કારણે ઝોકું ખાઈ જતા ડ્રાઈવરને સાવધ કરે. આ ટૅક્નોલોજી ઉપલબ્ધ હોય તો મારે તે વિશે જાણવું છે, એમ ઠાકરેએ જણાવ્યું હતું.

### મોટર વ્હિકલ અમેન્ડમેન્ટ એક્ટ અંતર્ગત જંગી દંડ વસૂલાશે

રાજ્ય સરકાર મોટર વ્હિકલ અમેન્ડમેન્ટ એક્ટ અંતર્ગત જંગી દંડ વસૂલવાની તૈયારી કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વર્ષ ૨૦૧૯થી મહારાષ્ટ્ર સરકારે નવા દંડને અમલમાં લાવતા અટકાવ્યો હતો. જોકે, આ કાયદા હેઠળ અન્ય જોગવાઇને લાગુ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવાય અને રોડ સેફ્ટી મંથ દરમિયાન જાહેરનામું બહાર પાડવામાં આવે એવી ભારોભાર શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. નિયમ લાગુ થયા બાદ હવે નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો પાસેથી વસૂલાતા દંડમાં રૂ. ૧,૦૦૦થી ૧૦,૦૦૦ સુધીનો જંગી વધારો કરવામાં આવશે, પરિણામે રોડ અકસ્માત તથા નિયમોનું ઉલ્લંઘન કરનારાની સંખ્યામાં ઘટાડો થશે, એવું જાણવા મળ્યું હતું.

# મુંબઈમા સીસીટીવી હવે સોસાયટીઓ માટે ફરજીયાત



ચક્વાત ટીમ, મુંબઈ ૧૯

સીસીટીવી લગાડવુ હવે સોસાયટીઓ માટે ફરજીયાત છે. મુંબઈ પોલીસે એક્ટની કલમ ૧૪૪ ની જોગવાઈ મુજબ શહેરની તમામ ખાનગી સંસ્થાઓ અને મથકો માટે સીસીટીવી લગાવવાનું ફરજિયાત બનાવ્યું છે. ખાનગી સંસ્થાઓ અને મુંબઈમાં આવેલી સંસ્થાઓ માટે સીસીટીવી લગાવવી આ ફરજિયાત છે. દિવસેને દિવસે બનાવોમાં વધારો થતો જાય છે. ગુના અને ચોરીને રોકવા માટે સરકાર દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ૧૦૦૦ સીસીટીવી કેમેરા લગાવી રહી છે. જો કે, તેનો ફાયદો મુંબઈની શેરીઓ અને ગલીઓમાં થતો નથી. આથી જ જો શહેરની તમામ ખાનગી સંસ્થાઓ અને મથકો સીસીટીવી લગાવશે તો વધુ જગ્યાઓ સીસીટીવીની દેખરેખ હેઠળ આવશે. તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. સીસીટીવીને લઈને અનેક ગુનાઓ પર અંકુશ મેળવવામા સફળતા મળે છે. કેટલીક ખાનગી સોસાયટીઓ, સંસ્થાઓ, મથકો અથવા મથકોએ તેમની ખાનગી સુરક્ષા માટે સીસીટીવી લગાવ્યા છે. જો કે, આ સીસીટીવી દ્વારા કમ્પાઉન્ડમાં તેમનું પરિસર સર્વેલન્સ હેઠળ રહે છે. જો કે, આ મથકોની બહારના પરિસરની દેખરેખ રાખવામાં આવતી નથી. આથી પોલીસ દ્વારા આ વિસ્તારને આવરી લેવા સૂચના આપવામાં આવી છે. પોલીસ દ્વારા અપાયેલી સૂચના મુજબ શહેરમાં ખાનગી મથકોમાં એક લાખથી વધુ સીસીટીવી લગાવવાની સંભાવના છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સીસીટીવી કેમેરાની ગુણવત્તા અને રેકોર્ડિંગ ક્ષમતા પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

# સોમવારે રાજ્યમાં ૮૦૦થી વધુ પક્ષી મૃત મળ્યાં રાજ્યના ૨૨ જિલ્લામા બર્ડ ફ્લૂનો પગપેસારો

### મુંબઈમાં પણ બર્ડ ફ્લૂના કેસ નોંધાયા

ચક્વાત ટીમ, મુંબઈ ૧૯

મહારાષ્ટ્ર રાજ્યમાં બર્ડ ફ્લૂનો પ્રસાર વધી રહ્યો છે રાજ્યના ૨૨ જિલ્લામા બર્ડ ફલૂનો પગપેસારો થયો હોવાનું જાણવા મળે છે.ત્યારે સોમવારે રાજ્યમા વધુ ૮૨૯ જેટલા મૃત્યુ પામેલા પક્ષી મળ્યા હતા. પરિણામે રાજ્યમાં કુલ મૃત પક્ષીની સંખ્યા ૬૮૧૬ થઈ છે જેને લઈને પશુસંવર્ધન વિભાગ સર્તક થયુ હોવાની માહિતી સંબંધિત અધિકારીએ આપી હતી.

નાગપુર અને અમરાવતી જિલ્લામાં ૭૪૫, વિદર્ભમાં ૭૫ મરઘા અને ૨૯૦ અન્ય પક્ષી મૃતાવસ્થામાં મળી આવ્યા હતાં. ઉપરાંત મરાઠવાડાના બીડ જિલ્લામાં અને વિદર્ભના ગોંદિયા જિલ્લામાં ૫૦-૫૦ મરઘાના મોત થયા હતા. શનિવારના દિવસે રાત સુધી રાજ્યમાં ૮૩૬ પક્ષીઓના મોત થયા હોવાથી તેમના સેમ્પલ્સ યુદ્ધના ધોરણે ભોપાલ અને પુણેમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

આ સાથે મુંબઈના સેન્ટ્રલ પોલ્ટ્રી ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને પણ શહેરમાં બર્ડ ફ્લૂના કેટલાક કેસ મળી આવ્યા હોવાની પુષ્ટિ કરી હતી. બર્ડ ફ્લૂનો પ્રસાર રોકવા માટે મુંબઈમાં બર્ડ ફ્લૂથી અસરગ્રસ્ત ભાગોમાં આવેલા પક્ષીઓને મારવામાં આવી રહ્યા હોવાનું સરકારે જણાવ્યું હતું.

# અરવલ્લીમાં જિલ્લાકક્ષાનો પ્રજાસત્તાક દિવસ મોડાસા ખાતે યોજાશે

### પ્રજાસત્તાક પર્વ ઉજવણીના સુચારૂ આયોજન સંદર્ભે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી

ચક્રવાત ટીમ ન્યૂઝ અરવલ્લી, તા.૧૯

૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણીના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલિયાની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્ટેજ, પરેડ, આમંત્રણ પત્રિકા, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, આરોગ્ય, પાણી અને લાઈટ, સફાઈ અંગેની કામગીરી અંગે જુદા-જુદા વિભાગોને કામગીરી સોંપવામાં આવી હતી. ધ્વજવંદન કાર્યક્રમમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પણ કર્મચારીઓને ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રાંત અધિકારી મંયક પટેલ, મામલતદાર ગઢવી, જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય પર્વની ઉજવણી કોરોના ગાઈડલાઈન મુજબ થાય તેવી સુચારૂ વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવામાં આવી હતી.

# સુશાંતસિંહ મૃત્યુ કેસના રિપોર્ટિંગ પર હાઈકોર્ટની ઝાટકણી

### આત્મહત્યાઅના કેસોમા રિપોર્ટિંગ સમયે નિયંત્રણ જરૂરી

ચક્વાત ટીમ, મુંબઈ,૧૮

મીડિયા ગૃહો દ્વારા આત્મહત્યાના કેસોમાં રિપોર્ટિંગ કરવામાં આવે ત્યારે નિયંત્રણ રાખવું જોઈએ, એવી ટકોર બોમ્બે હાઈ કોર્ટે કરીને સોમવારે જણાવ્યું હતું કે મીડિયા ટ્રાયલથી ન્યાય આપવામાં ખલેલ અને અવરોધ ઊભો થાય છે. ચીફ જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ જી. એસ. કુલકર્ણીની ખંડપીઠે જણાવ્યું હતું કે અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મૃત્યુ પછી રિપબ્લિક ટીવી અને ટાઈમ્સ નાઉના અમુક અહેવાલો બદનક્ષીભર્યા હતા. જોકે ચેનલો સામે પગલાં નહીં લેવાનું નક્કી કર્યું હતું, ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું. કોઈ પણ મીડિયા સંસ્થા દ્વારા આવા પ્રકારના રિપોર્ટિંગને લીધે કેસમાં ચાલતી તપાસ અને ન્યાય આપવામાં અવરોધ પેદા થાય તે કોર્ટના અનાદર બરાબર હશે, એવી પણ નોંધ બૅન્ચે કરી હતી. મીડિયા ટ્રાયલથી ન્યાય આપવામાં ચંચુપાત અને અવરોધ ઊભો થવા સાથે કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન એક્ટ હેઠળ કાર્યક્રમની સંહિતાનું પણ ઉલ્લંઘન થાય છે. કોઈ પણ રિપોર્ટિંગ પત્રકારત્વનાં ધોરણો અને નૈતિકતા નિયમો અનુસાર હોવું જોઈએ, નહીંતર મીડિયા હાઉસોએ અનાદરનાં પગલાંનો સામનો કરવો પડશે, એવું નિરીક્ષણ કોર્ટે કર્યું હતું. આ સાથે હાઈ કોર્ટે આત્મહત્યાના કેસમાં રિપોર્ટિંગ કરતી વખતે મીડિયાએ પાલન કરવાની અમુક માર્ગદર્શિકા પણ જારી કરી હતી.

# દીકરાને લઈ મહિલા તેના પ્રેમી સાથે ભાગી ગઈ પતિએ નોંધાવી ફરિયાદ

ચક્વાત ટીમ, મુંબઈ ૧૯

થાણે જિલ્લામાં ૩૫ વર્ષની પરિણીત મહિલા તેના પાંચ વર્ષના દીકરાને પણ સાથે લઈ પ્રેમી સાથે ભાગી છૂટતાં પતિએ કલ્યાણ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલાનો પતિ સિક્યુરિટી સુપરવાઈઝર તરીકે કામ કરતો હોઈ તે કેટલાક સગાંવહાલાં સાથે ૭ જાન્યુઆરીએ શિર્ડીમાં લગ્નસમારંભમાં ગયો હતો, જ્યારે તેની પત્ની, ત્રણ પુત્રી અને પુત્ર ઘરે જ હતાં. બીજે દિવસે તે ઘરે પાછો ફર્યો ત્યારે પત્ની અને પુત્ર ઘરે મળી આવ્યાં નહોતાં. પુત્રને લઈ પત્ની તેના સગાના ઘરે ગઈ હોવાનું જાણવા મળ્યા બાદ પતિએ સગાનો સંપર્ક સાધ્યો હતો. બાદમાં પતિને જાણવા મળ્યું હતું કે પત્ની કલ્યાણ તાલુકામાં રહેતા તેના પ્રેમી સાથે લગ્ન કરવા ઘર છોડીને ભાગી ગઈ છે. તેણે પત્ની-પુત્રની શોધ ચલાવી હતી, પણ બંનેનો કોઈ પત્તો ન લાગતાં આખરે તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ટીપુ સુલતાનની જન્મજયંતી ઉજવણીની જાહેરાત કરનારી શિવસેના પર બીજેપી નારાજ

### શિવસેનાએ ઔરંગઝેબની જયંતિ મનાવવી જોઈએ : સંજય પાંડે

ચક્વાત ટીમ મુંબઈ તા ૧૯

શિવસેના દ્વારા ટીપુ સુલતાનની જન્મજયંતી ઉજવવામાં આવશે તેવી જાણ થતાં બીજેપીની ઉત્તરભારતિય મોરચાના અધ્યક્ષ સંજય પાંડેના ભવા ખેંચાયા છે. જે ટીપુ સુલતાને અનેક હિન્દુઓના જબરજસ્તી ધર્મપરિવર્તન કરાવ્યું હતું. જુલ્મો કર્યા હતા તેવા ટીપુ સુલતાનની જયંતીની ઉજવણી કરનારા શિવસેનાએ ઔરંગઝેબની જયંતીની પણ ઉજવણી કરવી જોઈએ તેવો ટોણો માર્યો છે.

સત્તા જાળવી રાખવા શિવસેનાએ કેટલી હદે નીચે જવું પડે છે તેવી ટીકા કરતા પાંડેએ ઉમેર્યુ હતી કે આ શિવસેના બાળાસાહેબ ની શિવસેના નથી. બાળાસાહેબ હંમેશા હિન્દુઓ અને હિન્દુત્વ ની રક્ષા કરી છે. તેમને ક્યારેય સત્તાની લાલસા ન હતી જ્યારે આજ ની સેના સત્તા માટે કોઈ પણ હદે જઈ શકે છે.

શિવસેનાને ટીપુનો લોહીથી ખરડાયેલો ઈતિહાસ યાદ છે આથી જો તેઓ તેની જયંતિ મનાવશે તો તેનાથી દુ:ખદ ઘટના તેમને માટે બીજી નહીં હોય. જો તેઓ ટીપુની જયંતિ માનવી શકે તો ભવિષ્યમાં ઔરંગઝેબની જયંતિ મનાવશે તો નવાઈ નહી લાગે તેવી ટીકા પાંડેએ કરી હતી.

# આપના પ્રદેશ સહસંગઠનમંત્રી શિવાજી ડાંગરનો જન્મદિવસ



ચક્વાત ટીમ રાજકોટ,તા.૧૯

રાજનિતિ, પત્રકારત્વ, સહકારક્ષેત્ર, બહુમુખી વ્યક્તિત્વ, સંબોધના સારથી એવા આપના પ્રદેશ સહસંગઠનમંરી શિવાજી ડાંગરનો આજે જન્મદિવસ હોય ચોતરફથી શુભકામનોઓ વરસાદ થઈ રહ્યો છે. તેઓ રાજકોટ ખાતે શ્રી શનેશ્વર ક્રેડિટ કો. ઓ. સોસાયટીના ચેરમેન તરીકે પણ ફરજ બજાવી રહ્યા છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૦૭ અને ચાંદીમાં રૂ.૬૮૮ની વૃદ્ધિ

ચક્વાત ટીમ, મુંબઈ, ૧૯

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૩૬૩૧ સોદામાં રૂ.૧૧૩૭૧.૭૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૬૮૮ની વૃદ્ધિ થઈ હતી. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યા હતા. સીપીઓ, મેન્થા તેલ અને રબરમાં નરમાઈ સામે કપાસમાં સુધારો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૧૫૩૮ સોદાઓમાં રૂ.૫૪૮૬.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૯૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૦૭૦ અને નીચામાં રૂ.૪૮૮૧૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૭ વધીને રૂ.૪૯૦૦૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૧ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૪૦૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૮૮ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧ વધીને બંધમાં રૂ.૪૯૦૩૯ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૮૨૯ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૧૯૫ અને નીચામાં રૂ.૬૫૪૭૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૮૮ વધીને રૂ.૬૬૧૧૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૪ વધીને રૂ.૬૬૦૯૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૬૬૦ વધીને રૂ.૬૬૦૭૦ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૭૬૪૦ સોદાઓમાં રૂ.૨૦૭૨.૪૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૬૩ અને નીચામાં રૂ.૩૮૧૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨ વધીને રૂ.૩૮૫૫ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૭૩૮ સોદાઓમાં કુલ રૂ.૫૪૭.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨૪૦ અને નીચામાં રૂ.૨૧૦૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૦ વધીને રૂ.૨૧૧૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૪૬.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪.૩ ઘટીને બંધમાં રૂ.૯૨૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૦.૨ ખૂલી, ઊપરમાં રૂ.૯૮૩ અને નીચામાં રૂ.૯૬૮.૧ રહી, અંતે રૂ.૯૭૨.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૬.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૮ અને નીચામાં રૂ.૧૧૯૧.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ વધીને રૂ.૧૧૯૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૯૭૦ સોદાઓમાં કુલ રૂ.૨૬૦૨.૦૩ કરોડ ની કીમતનાં ૫૩૧૪.૪૦૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૪૫૬૮ સોદાઓમાં કુલ રૂ.૨૮૮૪.૦૭ કરોડ ની કીમતનાં ૪૩૭.૮૪૮ ટન, ક્રૂડ તેલમાં ૪૭૦૭ સોદાઓમાં રૂ.૩૬૩.૮૪ કરોડનાં ૯૪૬૩૦૦ બેરલ્સ, કોટનમાં ૯૨૮ સોદાઓમાં રૂ.૭૪.૮૩ કરોડનાં ૩૫૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૩૬૯૨ સોદાઓમાં રૂ.૪૬૪.૯૯ કરોડનાં ૪૯૭૮૦ ટન, મેન્થા તેલમાં ૫૦ સોદાઓમાં રૂ.૬.૨૨ કરોડનાં ૬૩.૭૨ ટન.

# ઊનામાં રામ જન્મભૂમી મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભીયાનનો શુભ આરંભ



ચક્રવાત ટીમ ઊના, તા.૧૯

શ્રી રામ જન્મભૂમી મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિ દ્વારા ઉના શહેરમાં ગીરગઢડા રોડ પર સેન્ટર પોઈન્ટ કોમ્પ્લેક્સમાં કાર્યાલયનું શાસ્ત્રોક્ત વિધિ અને ગુરુકુલ સંસ્થાના પૂજ્ય સંત માધવ પ્રસાદ સ્વામી, બી એ પી એસ સંસ્થાના પૂજ્ય સંત અખંડમંગલ સ્વામી એ મંત્રોચ્ચાર દ્વારા શુભ આરંભ કરાવી શ્રી રામ નાદના નારા સાથે મોટી ધન રાશી રામ મંદિર નિર્માણ માટે આપનાર રામ ભક્તોની મોટી નિધિ સંતો દ્વારા સ્વીકાર કરીને આ નિધિ તાલુકા સંયોજક નિપુલભાઈ શાહને સોંપીને નિમેલ ડીપોઝીટરને મોકલી આપવામાં આવેલ છે. હિન્દૂ સમાજના અગ્રણી, ભગિની સંસ્થાઓ,અને દરેક સેવાભાવી સંસ્થાઓના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને દરેક સંતોએ મંદિરના નિર્માણમાં તન મન અને ધન થી સહયોગ આપી મંદિર નિર્માણ કાર્યમાં સહભાગી થઈ આ ઐતિહાસિક કાર્યનો લાભ લેવા અનુરોધ કરાયેલ હતો. અયોધ્યામાં બિરાજમાન પ્રભુ શ્રી રામના મંદિર નિર્માણમાં જે કોઈ ભાઈ-બહેનને મોટી નિધિ સમર્પણ કરવા ઈચ્છતા હોય તેમને તાલુકા સંયોજક નિપુલભાઈ શાહ, તેમજ મેહુલભાઈ ઉપાધ્યાયનો સંપર્ક કરવાનો કહેશે.

# સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે નરેન્દ્ર મોદીની નિમણૂંક



ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૧૯

ત્રણેક માસ પહેલા સોમનાથ મંદિર ટ્રસ્ટના ચેરમેન એવા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું અવસાન થતા ચેરમેન પદ ખાલી પડ્યું હતું. જેથી ટ્રસ્ટના નવા ચેરમેનની નિમણુંક કરવા માટે ગઈકાલે ટ્રસ્ટીઓની વર્ચ્યુલ બેઠક મળી હતી. જેમાં ટ્રસ્ટના ૮માં ચેરમન તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામની સર્વાનુમતે પસંદગી કરી બહાલી આપવામાં આવી હતી. મોદીએ તેમના ૧ દશકાના ટ્રસ્ટી તરીકેના સેવા કાર્યકાળ દરમિયાન સોમનાથ મંદિરને વિશ્વફલક પર પહોંચાડવા અનેક યાત્રી સુવિધાના વિકાસકામો કરાવ્યા છે.

# સંતરામપુર ખાતે ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સને કોરોનાની રસી મૂકવામાં આવી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૯

કોરોના રસીકરણનો સમગ્ર રાજય સહિત રાજયમાં તા.૧૬મીથી શુભારંભ કરવામાં આવ્યો હતો. કોરોના સામેના યુધ્ધમાં જીવનને હોડમાં મૂકી કોરોનાના દર્દીઓની સારવારમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર આરોગ્ય કર્મીઓને પ્રથમ તબકકે કોરોનાની વેકિસન આપવામાં આવી રહી છે. મહીસાગર જિલ્લામાં તા. ૧૬મીના રોજ કોરોના વેકિસનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અંગેની વિગતો આપતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. શાહે જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં તા.૧૬મીના રોજ આ રસીકરણ કેન્દ્રો ઉપરથી ૨૦૦ કોરોના વોરિયર્સને કોરોનાની વેકિસન આપવાની હતી તેની સામે ૨૧૬ કોરોના વોરિયર્સે રસી મૂકાવતાં સમગ્ર રાજયમાં તા.૧૬મીના રોજ રસી મૂકવાના લક્ષ્યાંક સામે ૧૦૦ ટકા સિધ્ધિ હાંસલ કરવામાં મહીસાગર જિલ્લો પ્રથમ રહ્યો હતો. ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સને આજે તા. ૧૯મીના રોજ કોરોના બાલાસિનોર અને વિરપુર ખાતે કોરોના વેકિસનની રસી મૂકવામાં આવી હતી. બાલાસિનોરની ક્રિષ્ણા હોસ્પિટલના ફિઝિશિયન તબીબ ડૉ. વિમલભાઇ પટેલે આજે બાલાસિનોર ખાતે કોરોનાની વેકિસનનું કવચ ગ્રહણ કર્યા બાદ તેઓએ વેકિસનથી કોઈ તકલીફ નથી, આડઅસર નથી, માટે દરેક રસી મૂકાવવી જોઈએ તેમ જણાવી ભારત-રાજય સરકાર દ્વારા મેડીકલ પ્રેકટીશનરોને કોરોના વોરિયર્સ તરીકે રસી મૂકવામાં આવી રહી છે તે બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

# વેરાવળ આરટીઓ કચેરી ખાતે ૩૨મા માર્ગ સલામતિ માસની ઉજવણી

## આગામી એક માસમાં જીલ્લાના છએય તાલુકામાં ટ્રાફીક અવેરનેસના કાર્યક્રમો યોજવામાં આવશે



ચક્રવાત ટીમ , તા.૧૯

ગીરસોમનાથ જીલ્લામથક વેરાવળમાં કાર્યરત એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી ૩૨ માં માર્ગ સલામતી માસનો અધિકારીઓએ પ્રારંભ કરાવ્યો હતો. ગીર સોમનાથ જીલ્લામાં તા.૧૮ જાન્યુઆરીથી તા.૧૭ ફેબ્રુઆરી સુધી એક માસ દરમિયાન જુદા-જુદા જાગૃતિના કાર્યક્રમો થકી માર્ગ સલામતી માસની ઉજવણી કરવાનું નક્કી કરાયુ છે.

આ તકે આરટીઓ અધિકારી યુ.કે.કારલીયાએ જણાવેલ કે, સડક અકસ્માત ઘટાડવા માટે વાહન ચલાવતી વખતે સીટ બેલ્ટ બાંધવો અને હેલ્મેટ પહેરવું જોઈએ જેથી અકસ્માત ઘટાડી શકાય છે. વાહન વ્યવહાર પરિવહનના નિયમોની અમલવારી કરવી જોઈએ. માર્ગ સલામતી માસ અંતર્ગત જીલ્લાના તમામ તાલુકામાં જુદા જુદા સ્થળોએ લોકજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે. ખાસ લોકોએ વાહન ચલાવતી વખતે ટ્રાફીકના નિયમોનું સ્વયં શીસ્ત રીતે પાલન કરવા અપીલ કરી હતી. જયારે ડીવાયએસપી બામણીયા અને ચીફ ઓફીસર જતીન મહેતાએ જણાવેલ કે, વાહન ચલાવતી વખતે સેલ્ફ ડિસિપ્લીન રાખવાથી અકસ્માત ટાળી શકાય છે. વાહન અકસ્માત ઘટાડવા માટે એજ્યુકેશન મહત્વનું પરિબળ છે.

આ તકે શ્રેષ્ઠ કામગીરી કરનાર એએસઆઈ પ્રતાપભાઈ પરમાર, દિનેશભાઈ ગોહેલ, મનુભાઈ જાદવ, ૧૦૮ના ગોવિંદા ભગત, ખુમારસિંહ રાઠોડ, યુવરાજસિંહ ઝાલાને મોમેન્ટો આપી સન્માનીત કરાયા હતા. આ કાર્યક્રમમાં હાજર તમામ લોકોએ માર્ગ સલામતી અંગે પ્રતિજ્ઞા લઈ સંકલ્પબદ્ધ થયા હતા.

# કોડિનાર શહેર બન્યું જંગલી જાનવરો ગંદકી અને કચરાના ઢગલાઓ પર નિર્ભર : તંત્રનું જંગલ રાજ

## જંગલી જાનવરો અને ગાય જેવા નિર્દોષ પશુઓ સાથે નિર્દયતા માટે જવાબદાર કોણ?



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૯

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર માં દિન પ્રતિદિન રખડતાં કૂતરાંઓ તેમજ રજળતી ગાયો નજરે પડતી તેમજ વાડી અને જંગલ વિસ્તારમાં જંગલી જાનવરો નો ત્રાસ તેમજ જંગલી જાનવરો દ્વારા માણસો ને જાનહાનિ હોવા બાબતના ઘણા બનાવો નજરે પડે છે, આજે કોડીનાર ઉના હાઈવે ઉપર તેમજ હાઈવેની નજીક કચરાના ઢગલામાં જંગલી જાનવરો નીલ ગાય, રોઝ વિગેરે જોવા મળ્યા હતા, ધીરે ધીરે કોડીનારમાં ખનિજ ચોરીના જે પ્રકરણો બહાર આવ્યા છે તેમજ પ્રતિબંધિત ઝોન માં કંપની ઓ દ્વારા મોટા વાહનો ચલાવવા તેમજ જંગલ વિસ્તાર માં દબાણ ને કારણે જંગલી જાનવરો માનવ વસ્તીઓ ઉપર હુમલાઓ કરે તે સ્વભાવિક બની જાય છે, વર્ષો થી અહિયા જંગલ વિસ્તાર હોવા છતા હમણા થોડા સમય માં જે ઘટનાઓ બની તે ખરેખર વિચારવા જેવી બાબત છે તેમજ આ ઘટનાઓ પાછળ પણ ક્યાંક ને ક્યાંક માણસ જ કે તંત્ર જવાબદાર છે તે હકીકત નકારી શકાય તેમ નથી કોડીનાર શહેર તેમજ તાલુકામાં કૂતરાઓ ના માનવહાનિ ના કેસ હોય કે રખડતી ગાયો, રજળતી ગાયો ના કચરા ખાતા દ્રશ્યો પણ તંત્ર કોઈ જ હરકતમા આવ્યુ નહિ, આજે તો જંગલી જાનવરો પ્લાસ્ટિક અને કચરો ખાતા જોવા મળ્યા હતા જે ખૂબ જ ગંભીર બાબત તેમજ પર્યાવરણ ની હાનિ ગણાવી શકાય ! શુ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ની કોઈ જ ફરજ નથી ? શુ તંત્ર માં જીવ દયા હોતી નથી? જંગલી જાનવરો હોય કે પાલતુ પ્રાણીઓ તંત્ર નિર્દયતા તેમજ નિષ્ક્રિય બની રહે તેના માટે જવાબદાર કોણ? નાગરિકો કે તંત્ર?

# વિરપુર તાલુકાના ૧૦ ગામો માટે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ



ચક્રવાત ટીમ, તા.૧૯

મુખ્ય મંત્રી રૂપાણીની મહત્વાકાંક્ષી કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ૧૦ ગામો માટે રામપુર ગામ ખાતેથી પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે કરાવ્યો હતો. આ અવસરે સાંસદ રાઠોડે જણાવ્યુ કે, ખેડૂતો દ્વારા ઘણા સમયથી દિવસે વિજળી આપવાની રજુઆતોને રાજ્ય સરકારે ખેડૂતોની માંગને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પુરી પાડવા ગુજરાત સરકાર દ્વારા નવીન અભિગમ અપનાવી કિસાન સૂર્યોદય યોજનાનો અમલમાં મુકી છે. આ યોજના થકી ખેડૂતોને દિવસે ખેતીવાડી માટે સિંચાઇ માટે વીજ પુરવઠો મળી રહેવાથી રાતના ઉજાગરા, વન્યજીવ-જંતુના ભય અને શિયાળામાં ઠંડી, ચોમાસામાં પડતી મુશ્કેલીઓમાં કિસાનો મુક્તિ મેળવી શકશે રાજ્ય સરકાર કિસાનોને દરરોજ સતત આઠ કલાક સુધી ગુણવત્તાયુક્ત વિજળી આપશે. સાંસદએ કહ્યું હતુ કે, કિસાન સૂર્યોદય યોજનાનો પ્રથમ તબકકાનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઇ-શુભારંભ કરાવ્યો હતો. રાજયના મુખ્યમંત્રીની સંવેદનશીલ સરકારે પોતાની રાજકીય ઈચ્છા શક્તિથી ખેડૂતો માટે મહત્વાકાંક્ષી કિસાન સૂર્યોદય યોજનાને અમલમા મુકી છે વર્ષ-૨૦૨૨ સુધીના અંત સુધીમાં રાજયના તમામ ગામોને આ યોજનાથી દિવસે વીજળી આપવાની મુખ્યમંત્રી પ્રતિબધ્ધ છે. સાંસદે વધુમાં કહ્યું હતું કે, આ યોજના હવે ખેડૂતોને સિંચાઇ માટે દિવસે વીજળી મળતાં કિસાન પરિવારોમાં સમૃધ્ધિનો સુર્યોદય થશે.

# વિરપુરમાં મહારાણા પ્રતાપના બલીદાન દિવસે પુષ્પાંજલિ



ચક્રવાત ટીમ વિરપુર, તા.૧૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ વિરપુર જલારામમાં આજે સ્વામીવિવેકાનંદ યુવા બોર્ડના યુવાનો તેમજ ક્ષત્રિય-રાજપૂત સમાજના યુવાનો તથા મેવાડી ગાડલીયા લોહાર સમાજના યુવાનો દ્વારા માતૃભૂમિની રક્ષા કાજે જીવન સમર્પિત કરનાર હિંદવા શાલીગ્રામ વીર સપૂત ક્ષત્રિયકુલ ભૂષણ શ્રી મહારાણા પ્રતાપસિંહજીના બલિદાન દિવસ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમ માં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ ના તાલુકા સંયોજક આર.કે.રાજપુત તેમજ વિરપુર યુવક બોર્ડ પ્રમુખ દેવરાજ રાઠોડ દ્વારા હિંદવા વીર શિરોમણી મહારાણા પ્રતાપસિંહજીની આરતી ઉતારવામાં આવી હતી.

# પોરબંદર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ચિત્રસ્પર્ધા યોજાશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી પોરબંદર દ્વારા સંયુક્ત રીતે ''વસંતોત્સવ'' કાર્યક્રમ અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાશે. જેમાં પોરબંદર જિલ્લાના ૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે છ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર ઉપર ''વસંતોત્સવ'' વિષય પર પોતાની કૃતિ ઘરે તૈયાર કરી કૃતિ પાછળ પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી લખી સાથે ઉમરના પુરાવા માટે આધારકાર્ડ તેમજ બેંક પાસબુકની ઝેરોક્ષ જોડી તા.૧૪ફેબ્રુઆરી બપોરે ૧૨ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધી સ્મૃતિ ભવન, કનકાઈ માતાના મંદિર પાસે, ચોપાટી રોડ, પોરબંદર ખાતે મોકલી આપવાની રહેશે.

# પોરબંદર નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા યુવા સપ્તાહ મનાવવામાં આવ્યો

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

નહેરૂ યુવા કેન્દ્ર પોરબંદર દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસ તથા યુવા સપ્તાહ મનાવવામા આવ્યો હતો. જે અંતર્ગત તા.૧૩ જાન્યુઆરીના રોજ ગોઢાણીયા મહિલા કોલેજ ખાતે ચેસ રમતનું આયોન કરવામાં આવ્યુ હતુ. આ રમતના વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા તથા સ્વયં સેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ રમતમાં પ્રથમ વિજેતા બાંભણીયા સ્વપનીલ, દ્રિતિય નંબરે ખુશી માખેચા, તિતૃય નંબરે ચાચીયા અમીશા ઉતિર્ણ થયા હતા.

# પોરબંદર ખાતે પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર દ્વારા વિનામૂલ્યે શોર્ટ ટર્મ કોર્ષ થશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

ભારત સરકારશ્રીના સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત પોરબંદર ખાતે કાર્યરત પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્રમાં સરકાર માન્ય વિનામૂલ્યે શોર્ટ ટર્મ કોર્ષ ફિટર ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનિક ઍસેમ્બલી તથા ફીલ્ડ ટેકનિશયન-અન્ય હોમ એપ્લાનસીસ, આગામી સમયમાં શરૂ થશે. જેમાં જોડાવા પોરબંદર જિલ્લાના ઈચ્છુક ઉમેદવારોએ પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર, અંબિકા વિધ્યાલય, કૃષ્ણા પાર્ક, નવાપરા, છાયા, પોરબંદર ખાતે સવારે ૧૦ થી સાંજના ૬ સુધી રૂબરૂ પ્રવેશ ફોર્મ મેળવી લેવાનું રહેશે. આ કોર્ષમાં સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનારનું કૌશલ્ય કેન્દ્ર ખાતેથી પ્લેસમેન્ટ યોજાશે.

વધુ માહિતી માટે ૮૧૧૨૨૬૦૯૨૦ ઉપર ફોન કરવા અથવા કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવાયુ છે.

# ગીર સોમનાથ જિલ્લામાં થયા બૌદ્ધ ધર્મવિધિથી લગ્ન

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૯



ગીર સોમનાથ જિલ્લામાં બૌધ્ધ લગ્નોત્સવની જાણે પરંપરા નિર્માણ કરવામાં આવી હોય તેમ દિન પ્રતિદિન બૌદ્ધ વિધિથી લગ્નોનું પ્રમાણ વધી રહ્યું છે. આપણે ઘણા બધા લગ્ન પ્રસંગ જોયા હશે પરંતુ આજ આપણે એક અલગ પ્રકારના લગ્ન પ્રસંગ જોઈ રહ્યા છે. આ લગ્ન પ્રસંગમાં યજ્ઞ કુંડ નથી. ચાર ફેરા લાવવામાં આવતા નથી. વરરાજા પાસે તલવાર નથી તો આ કઈ રીતે માની શકશો કે આ લગ્ન છે. હા કે સત્ય છે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના કદવાર ગામના રહીશ અને આસિસ્ટન્ટ શિક્ષક તરીકે પોતાની જન્મભૂમિ પ્રત્યે શિક્ષક તરીકે પોતાની સેવા આપતાં ભજગોતર ગોવાભાઈ પોતાની સેવા આપતા સેવા આપતા અને કડસલા નિવાસી દેવશીભાઈ ચાવડાની પુત્રી મનીષા સાથે નિર્ધારિત કરેલા આ પ્રસંગ અનુસંધાને મંડપ સર્વિસમાં અનેક મહાનુભાવો દ્વારા આ બધું એ આશીર્વચન આપવામાં આવ્યા હતા અને ભારતમાં ઘણા બધા ધર્મ સંપ્રદાય છે તેમાં થી એક જે વિશ્વની અંદર અને ભારતમાં વધારે ધર્મનો ફેલાવો છે. એવો શ્રેષ્ઠ ધર્મ એટલે એટલે બોદ્ધ ધર્મ અને બૌદ્ધ ધર્મ અહિંસા પરમો ધર્મ છે તેના દ્વારા આ લગ્ન વિધિ કરવામાં આવી છે.

# વાંકાનેરના સમથેરવા ગામે વિદેશી દારૂના કટીંગ પહેલા જ પોલીસ ત્રાટકી, ૪૦૫ પેટી વિદેશી દારૂ જપ્ત




ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૯

વાંકાનેર તાલુકામાં સમથેરવા ગામની સીમમાં ગત રાત્રિ દરમિયાન આર.આર.સેલ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે વિદેશી દારૂની રેડ કરતાં દારૂના કટિંગ કરવામાં આવે તે પહેલા પોલીસ પહોંચી પોલીસે અધધ ૪૦૫ પેટી દારૂ અને વાહન મળીને કુલ ૨૮ લાખથી વધુની રકમનો મુદ્દામાલ પકડી પાડ્યો હતો.

પોલીસની આ રેડ દરમ્યાન ટ્રક ડ્રાઈવર અને અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જ આઈજીની સ્પેશિયલ આર.આર. સેલ દ્વારા ગત રાત્રિના વાંકાનેર તાલુકાના સમથેરવા ગામની સીમમાં દારૂનું કટિંગ થવાનું હોવાની ચોક્કસ ખાનગી બાતમીના આધારે રેન્જ આઈ.જી.સંદીપસિંગની સુચનાથી પી.આઈ. એમ. પી. વાળાના માર્ગદર્શન હેઠળ આર.આર.સેલની ટીમ દ્વારા દારૂની રેડ કરવામાં આવી હતી જેમાં ઘટના સ્થળેથી દારૂનો જથ્થો ભરેલ કન્ટેનર મળી આવ્યું હતું.

પોલીસ દ્વારા સ્થળ પર હાજર કન્ટેનરની તલાશી લેવામાં આવતા તેમાં ચોર ખાનામાં રાખેલ ૭૫૦ એમ.એલ.ની ૪૦૫ પેટી(૪૮૬૦ બોટર) વિદેશી દારૂ જેની કિંમત ૧૮,૨૨,૫૦૦ તથા ટ્રક નંબર જીજે ૦૩ છ્ ૨૧૧૯ સહિત કુલ રૂ. ૨૮,૨૫,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ પોલીસની પ્રાથમિક તપાસમાં આ વિદેશી દારૂનો જથ્થો પાટડી તાલુકાના પીપળી ગામના વસંત કાનજીભાઈ વાણિયા નામના શખ્સે મગાવ્યો હોવાનું ખુલતા પોલીસ દ્વારા ટ્રક ડ્રાઈવર સાથે તેની સામે પણ ગુનો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા પંદર દિવસમાં વાંકાનેર વિસ્તારમાં અલગ અલગ ચાર વિદેશી દારૂની રેઈડમાં કુલ ૨૩૮૬ પેટી એટલે ૨૮,૬૩૨ બોટલ વિદેશી દારૂની પકડી પાડવામાં આવી છે જેથી બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# ધારાસભ્ય ચુડાસમાની રજૂઆતથી ડાભોર-તાતીવેલા પુલનું થશે પુનઃ બાંધકામ

ચક્રવાત ટીમ, તા.૧૯

૯૦-સોમનાથના યુવા અને લોકલાડીલા ધારાસભ્ય ચુડાસમાની સોમનાથ વિધાનસભાના ગ્રામ્ય પ્રવાસ દરમ્યાન ચોરે પે ચર્ચા અન્વયે લોકોના પ્રશ્નોની વાચા આપવા અને કોરોનાની ભયંકર મહામારીના કારણે છેલ્લા દસ થી બાર મહિનાથી ધારાસભ્ય લોકોના પ્રસ્નોને સાંભળવા તથા તેના નિરાકરણ માટે લોકો વચ્ચે આવી શકેલ ન હતા પરંતુ હાલ પરિસ્થિતી સામાન્ય તથા ધારાસભ્યએ પોતાની વિધાનસભા મત વિસ્તારના ૫૩ ગામડાઓનો પ્રવાસ કરી લોકોના પ્રસ્નોને સાંભળવા અને તેનું તત્કાલ ધોરણે નિરાકરણ લાવવા માટે ગામડે ગામડે રૂબરૂ લોકોની વચ્ચે જઈ મુલાકાત લીધેલ હતી જે અન્વયે ડાભોર તાતીવેલા અને આંબલીયાળા ગામના રહીશોનો સર્વ સામાન્ય એક પ્રશ્ન હતો જે ડાભોર તાતીવેલા અને આંબલીયાળા વચ્ચે જે પુલ આવેલ છે તે સદંતર નાશ પામેલ હતો જેથી આ ત્રણેય ગામના લોકોને અવરજવર માટે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ પુલ રીપેર કરવા અને સી.સી. રોડ બનાવવા બાબતે રજૂઆત કરેલ હતી ધારાસભ્યએ તત્કાલ ધોરણે આ પુલની રૂબરૂ મુલાકાત લઈ લોકોને કેટલી તકલીફનો સામનો કરવો પડે છે તેની રૂબરૂ જાણકારી મેળવેલ હતી આ જાણકારી મળતાજ ધારાસભ્ય ચુડાસમા એ ગુજરાત સરકારને લેખિત માં જાણ કરેલ હતી અને વહેલા માં વહેલી તકે આ પુલ અને સી સી રોડ બનાવવા માટે રજૂઆત કરેલ હતી જે અન્વયે વેરાવળથી ડાભોર તાતીવેલા અને આંબલીયાળા ક્લિયર સ્પાન અને માયનોર બ્રિજ અને સી સી રોડનું ગુજરાત સરકારમાંથી તત્કાલ ધોરણે પુનઃ બાંધકામ માટે ૭૮ લાખ રકમ તત્કાલ ધોરણે મંજૂર કરાવી લોકોના પ્રશ્નોનું નિવારણ કરાવેલ છે

## પંતના પહાડી ૮૯ અને મયંકની ૯૧ રનની મહેનતથી ભારતની શાનદાર જીત

# ગાબાના ગ્રાઉન્ડમાં ઓસ્ટ્રેલીયાના ગાભા



નવી દિલ્હી,તા.૧૯

ભારતે બ્રિસ્બેન ખાતે ચાર ટેસ્ટ સિરીઝની અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૩ વિકેટે હરાવી ૩૨૮ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો છે.

આ સાથે જ ટીમ ઈન્ડિયા શ્રેણી ૨-૧થી પોતાના નામે કરી છે. ભારતે પહેલીવાર સતત ત્રીજી વખત બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી છે. આ પહેલાં ૨૦૧૬-૧૭માં આપણે ઘરઆંગણે ઓસ્ટ્રેલિયાને ૨-૧થી હરાવ્યું હતું, જ્યારે ૨૦૧૮-૧૯માં ઓસ્ટ્રેલિયાને તેના ઘરે જ ૨-૧થી માત આપી હતી. ભારત અગાઉ ક્યારેય બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સતત ૩ સિરિઝ જીત્યું નહોતું.

ભારતની જીતમાં શુભમન ગિલ, ઋષભ પંત અને ચેતેશ્વર પૂજારાનું યોગદાન અમૂલ્ય રહ્યું. ગિલે ૯૧, પંતે ૮૯* અને પૂજારાએ ૫૬ રન કર્યા. આ જીત બાદ BCCI સેક્રેટરી જય શાહે ૫ કરોડ રૂપિયાનું બોનસ જાહેર કર્યું છે.

ઓસ્ટ્રેલિયા ૩૨ વર્ષ ગાબામાં ટેસ્ટ મેચ હાર્યું છે. આ પહેલાં તે ૧૯૮૮માં વેસ્ટ ઈન્ડીઝ સામે હારી હતી. એ પછી અહીં ૨૪ ટેસ્ટથી અપરાજિત હતી તેમજ આ બ્રિસ્બેનમાં સૌથી સફળ રનચેઝ છે. આ પહેલાં સૌથી સફળ રનચેઝનો રેકોર્ડ અહીં ઓસ્ટ્રેલિયાના નામે હતો, તેણે ૧૯૫૧માં વિન્ડીઝ વિરુદ્ધ ૨૩૬ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો.

પંત ૧૬ રને બેટિંગ કરી રહ્યો હતો ત્યારે ઓફ-સ્પિનર લાયનની બોલિંગમાં વિકેટકીપર પેને સ્ટમ્પિંગ કરવાની તક મિસ કરી હતી.

અજિંક્ય રહાણે ૨૪ રને કમિન્સની બોલિંગમાં કીપર ટિમ પેન દ્વારા કેચ આઉટ થયો હતો.

૩૩મી ઓવરનો પાંચમો બોલ ચેતેશ્વર પૂજારાને માથામાં વાગ્યો હતો. કમિન્સનો બાઉન્સર ધાર્યા જેટલો ઊછળ્યો નહોતો અને પૂજારાના હેલ્મેટના પાછળના ભાગમાં વાગ્યો હતો. કન્કશન ટેસ્ટ કરાયો હતો અને એ પછી પૂજારા રમવા માટે તૈયાર હતો.

એ પછી ૪૫મી ઓવરમાં હેઝલવૂડનો બોલ પણ અપેક્ષા કરતાં ઓછો ઊછળ્યો હતો અને પૂજારાને હાથમાં વાગ્યો હતો. ટીમ ફિઝિયોએ મેજિક સ્પ્રેનો ઉપયોગ કર્યો હતો અને પૂજારાએ બેટિંગ કરવાનું ચાલુ રાખ્યું.

ત્યાર બાદ ૪૯મી ઓવરમાં ફરીથી હેઝલવૂડનો બોલ પૂજારાને જમણા ગ્લવ્સમાં વાગ્યો હતો.



ચેતેશ્વરે પેઈનકિલર્સ લઈને બેટિંગ કરવાનું ચાલુ રાખ્યું.

૫૧મી ઓવરનો પાંચમો બોલ હેઝલવૂડે બાઉન્સર નાખ્યો હતો અને પૂજારાને માથામાં વાગ્યો હતો. તે ડક કરી શકે એવી પોઝિશનમાં નહોતો.

શુભમન ગિલે રનચેઝમાં શાનદાર બેટિંગ કરતાં ૧૪૬ બોલમાં ૮ ફોર અને ૨ સિક્સની મદદથી ૯૧ રન કર્યા હતા. તે પોતાની મેડન સદી ફટકારવાથી ૯ રન માટે ચૂકી ગયો હતો. તે નેથન લાયનની બોલિંગમાં સ્લિપમાં સ્ટીવ સ્મિથના હાથે કેચ આઉટ થયો હતો

મિચેલ સ્ટાર્કે ઈનિંગ્સની ૪૬મી ઓવરમાં ૨૦ રન આપ્યા હતા. આ તેના ટેસ્ટ કરિયરની સૌથી મોંઘી ઓવર હતી. આ ઓવરમાં ગિલે ૨ ફોર અને ૧ સિક્સ, જ્યારે પૂજારાએ ૧ ફોર મારી હતી. તે ઉપરાંત એક સિંગલ અને એક રન નો-બોલનો આવ્યો હતો.

શુભમન ગિલ (૨૧ વર્ષ ૧૩૩ દિવસ) ચોથી ઈનિંગ્સમાં ફિફ્ટી મારનાર સૌથી યુવા ભારતીય ઓપનર બન્યો છે. અગાઉ આ રેકોર્ડ સુનિલ ગાવસ્કરના નામે હતો. ગાવસ્કરે ૨૧ વર્ષ ૨૪૩ દિવસની વયે વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ૧૯૭૦/૭૧માં પોર્ટ ઓફ સ્પેન ખાતે ૬૭* રન કર્યા હતા.

ચેતેશ્વર પૂજારા ૨ રને રમી રહ્યો હતો ત્યારે નેથન લાયનની બોલિંગમાં કાંગારૂએ ન્મઉ માટે અપીલ કરી હતી.



અમ્પાયરે નોટઆઉટ આપતાં કેપ્ટન ટિમ પેને રિવ્યૂ લીધો. થર્ડ અમ્પાયરે કહ્યું, પૂજારાએ શોટ નથી રમ્યો એટલે ઈમ્પેક્ટ જોવામાં આવશે નહીં. બોલ ટ્રેકિંગમાં બોલ લેગ સ્ટમ્પને ૫૦% કરતાં ઓછો અડી રહ્યો હોવાથી ઓન-ફિલ્ડ અમ્પાયરનો નિર્ણય યથાવત્ રહ્યો. કાંગારૂ પૂજારાને પેવેલિયન ભેગા કરી શક્યા નહીં.

**ગાબામાં ૩૨ વર્ષ બાદ ઓસ્ટ્રેલીયાએ કર્યો હારનો સામનો : અંતિમ દિવસે ૩૦૦+ રન કરનાર ત્રીજી ટીમ બની ઈન્ડિયા**

**જય શાહ દ્વારા પાંચ કરોડની ડીપોઝીટ, રિષભ પંત મેન ઓફ ધ મેચ તો પ્લેયર ઓફ ધ સિરિઝ પેટ કમિન્સ**

### ભારતની દિવાલ પૂજારા પર સતત પ્રહારો

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ સિરીઝની અંતિમ મેચ બ્રિસ્બેન ખાતે ૩૨૮ રનનો પીછો કરતાં ભારતે ૩ વિકેટે ટાર્ગેટ ચેઝ કરીને મેચ જીતી. શુભમન ગિલ ૯૧ રનની શાનદાર ઇનિંગ્સ સાથે ટોપ સ્કોરર રહ્યો. તો ઋષભ પંતે પણ અંતિમ ઓવર્સમાં તોફાની બેટિંગ કરતાં અણનમ ૮૯ રન કર્યા, પરંતુ કાંગારૂને પોતાની રિયલ ટેસ્ટ બેટિંગથી કોઈએ હંફાવી દીધા હોય તો તે ચેતેશ્વર પૂજારાએ. છેલ્લા દિવસે ઓસ્ટ્રેલિયાની જીત વચ્ચે ચેતેશ્વર અડીખમ ઊભો રહ્યો અને તેણે એક સમયે તો ૧૦૦ બોલમાં માત્ર ૧૧★ રન કર્યા હતા. સ્વાભાવિક છે કે સૌરાષ્ટ્રના સાવજે વિકેટ લેવાની કોઈ તક ન આપતાં ઓસ્ટ્રેલિયન પ્લેયર્સ અકળાયા હતા અને એક પછી એક તેના પર શોર્ટ બોલનો વરસાદ કરી દીધો હતો. જોકે એનાથી પણ ચેતેશ્વરના અપ્રોચમાં કોઈ ફેર પડ્યો નહોતો. તે દૃઢ મનોબળ સાથે પિચ પર બેટિંગ કરતો ગયો, બોલને લિવ કરી શકે એમ ન હોય તો બોડી પર પણ બોલ ખાધા, પરંતુ બ્રિસ્બેનની પિચ પર પાંચમા દિવસે મેન-ઈન-યલો સામે એક બાજુથી ડેડ એન્ડ માફક બેટિંગ કરીને કહી દીધું, "ટ્રોફી તો અમે રિટેન કરીશું જ." પૂજારાએ પોતાની બેટિંગ થકી મેચમાંથી ટાઇમ કાઢ્યો અને પંત માટે એવું સ્ટેજ સેટ કર્યું કે જ્યાંથી તે બિનધાસ્ત રમી શકે અને ટીમને ઓલઆઉટ કરવા માટે કાંગારૂ પાસે પૂરતી ઓવર ન રહે.

# રાખી સાવંત : માતા બનવા માટે એગ્સ ફ્રીઝ કરાવી લીધા છે, ઈચ્છું છું કે અભિનવ શુક્લા સ્પર્મ ડોનર બને



મુંબઈ,તા.૧૯

બિગ બોસ ૧૪માં દેખાતી રાખી સાવંતે દાવો કર્યો છે કે તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવી લીધા છે અને તે ઈચ્છે છે કે અભિનવ શુક્લા તેને સ્પર્મ ડોનેટ કરે. રાખીએ એવું પણ કહ્યું કે એકવાર તે આ શોમાંથી બહાર જશે ત્યારબાદ તે અભિનવ શુક્લા, તેની પત્ની રૂબીના અને તેના પરિવારના સભ્યો પાસે મંજૂરી માગશે.

સોનાલી ફોગાટ સાથેની વાતચીત દરમ્યાન તે ભાવુક થઈ ગઈ અને તેણે કહ્યું કે તેનો પતિ રિતેશ તેને પબ્લિકલી ક્યારેય નહીં સ્વીકારે. વાત કરતા તેણે સોનાલીને જણાવ્યું કે ભલે તેમના બાળકો હોય, તેનો પતિ માત્ર તેને પોતાની અટક આપશે, પણ તેને મળવા નહીં આવે.

રાખીએ કહ્યું, 'હું કંઈપણ ખોટું કર્યા વગર મારા બાળકોને પેદા કરીશ.' સાથે જ રાખીએ એવું પણ કહ્યું કે 'હું ઈચ્છું છું કે અભિનવ મારા આઉટડોર શૂટ પર મારો સાથ આપે. મને કોફી ડેટ પર લઈ જાય, ફિલ્મો જોવા લઈ જાય.'

# બિગ બોસ ૧૪ શોનો સૌથી દમદાર કન્ટેસ્ટન્ટ એજાઝ ખાન ટૂંક સમયમાં બિગ બોસ હાઉસની બહાર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

બિગ બોસ ૧૪ને ૧૦૦ દિવસથી વધુ થઈ ગયા છે. શોમાં સૌથી દમદાર કન્ટેસ્ટન્ટ ગણાતા એજાઝ ખાન ટૂંક સમયમાં શોની બહાર જશે. જોકે આનું કારણ એજાઝના વર્ક કમિટમેન્ટ્સ છે. શોમાં એજાઝનો ગુસ્સો અને પવિત્રા પુનિયા સાથેની તેની લવ સ્ટોરી સૌથી વધુ ચર્ચામાં રહી.

પિંકવીલાના સમાચાર મુજબ જ્યારથી બિગ બોસનો ટાઈમ વધ્યો છે, ત્યારથી તે શેડ્યુઅલ એજાઝના બીજા પ્રોજેક્ટ્સની ડેટ્સ સાથે ક્લેશ થઈ રહ્યું છે. એજાઝ લોકોને રાહ જોવડાવી અને તેના કામમાં ડિસ્ટર્બન્સ પસંદ નથી કરતા. કોરોનાને કારણે ક્રૂ પાસે કામ ન હતું, તે ટાઈમ પર હાજર રહીને તેમની મદદ કરવા ઈચ્છે છે.

# અભિનેત્રી રિચા ચઢ્ઢાને મળી મારી નાખવાની ધમકી, જીભ કાપવા પર ઈનામ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

અભિનેત્રી રિચા ચઢ્ઢા તેની આગામી ફિલ્મ 'મેડમ ચીફ મિનિસ્ટર' ને લઈને સતત વિવાદોમાં રહે છે. ખરેખર, રિચા ચઢ્ઢાએ તાજેતરમાં જ ફિલ્મનું એક પોસ્ટર બહાર પાડ્યું હતું, જેમાં તે હાથમાં સાવરણી પકડતી જોવા મળી હતી, જેના પર ઘણા લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. હાલ આ મામલે તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. એટલું જ નહીં, લોકોએ તેની જીભ કાપી નાખવા સુધીનું ઈનામ જાહેર કર્યું છે. રિચા ચઢ્ઢાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે તેની ફિલ્મના પોસ્ટરો સળગાવવાની ચર્ચા છે. ઘરનો કાચ તોડવાનું કહેવામાં આવી રહ્યું છે. આથી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે. અભિનેત્રી સ્વરા ભાસ્કરે તેના ટ્વિટર એકાઉન્ટથી એક ટ્વીટમાં આ બાબતે પોતાની પ્રતિક્રિયા આપી હતી. આ ટ્વિટમાં કેટલાક કટિંગ નજરે પડી રહ્યા છે. જેમાં રિચા ચડ્ઢાની જીભ કાપવા પર ઈનામ આપવાનું કહેવામાં આવી રહ્યું છે.

આ ટ્વીટ પોસ્ટ કરતાં સ્વરાએ લખ્યું – તે ખૂબ જ શરમજનક છે અને કોઈપણ અનિશ્ચિત શબ્દો વિના નિંદા કરવી જોઈએ. તમને કોઈ ફિલ્મ સાથે વૈચારિક મુદ્દાઓ અને સમસ્યાઓ હોઈ શકે છે, પરંતુ તે ગુનાહિત ધાકધમકી અને હિંસાને માટે ઉશ્કેરવું છે. આંબેડકરવાદીઓ, દલિત, નારીવાદી અને માત્ર સમજદાર લોકો તેની વિરુદ્ધ ઉભા થઈ જાઓ. રિચા ચઢ્ઢાએ ફિલ્મના પોસ્ટર બદલ માફી માંગી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે તેમના પોસ્ટરની ભારે ટીકા થઈ હતી. તે એક દ્રશ્ય હતું જેને ઘણા લોકોએ દલિતોનું પ્રતિનિધિત્વ કરવાની એક અસ્પષ્ટ રીત તરીકે જોયું હતું. આને ઘણા લોકો દલિતોનો રૂઢિવાદી વિચાર સમજે છે. ફિલ્મ વિશે વાત કરવામાં આવે તો તે દલિત સમુદાયના હિત માટે કામ કરતા રાજકારણીની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન દ્વારા પ્રેરિત હોવાનું કહેવાય છે. આ ફિલ્મ ૨૨ જાન્યુઆરીએ થિયેટરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

છ મહિનાથી રૂમમાં કેદ સીએનો અભ્યાસ કરતી અલ્પાએ આજે અંતિમ શ્વાસ લેતા સમગ્ર રાજકોટમાં ગમગીની

# અંધશ્રદ્ધાએ લીધો યુવતીનો ભોગ : રાજકોટની વધુ એક અમાનવિય ઘટના

## રૂમમાંથી યુરીન ભરેલી કોગળીઓ અને ટબની દુર્ગંધ આવતા આસપાસના બહેનો દ્વારા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાઇ








(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૯

રાજકોટ શહેરમાં એકાંતવાસમાં રહેલા ભાઈ- બહેનના કિસ્સા બાદ હવે સી.એ.નો અભ્યાસ કરતી બીમાર પૂત્રીને ઘરમાં પૂરી રખાઈ હોવાનો ચોંકાવનારો મામલો સોમવાર સામે આવ્યો હતો. પરંતુ આ ઘટનામાં આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજકોટમાં ઘરમાં બંધ યુવતીના રેસ્ક્યું બાદ આજે તેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવતીનું મોત થયું છે. છેલ્લા ૬ માસથી યુવતી ઘરમાં બંધ હતી. જેણે ૮ દિવસથી ખાધા-પીધા વગર બંધ રખાઈ હતી. યુવતીને જે ઘરમાં બંધ રખાઈ હતી તે ઘરમાંથી યુરિન ભરેલી થેલીઓ પણ મળી હતી. છેલ્લા ૮ વર્ષથી પીડિતો માટે કામ કરતી સંસ્થા સાથી સેવાગ્રુપના જલ્પાબેન પટેલને એક હોટેલ સંચાલક છોટુ ગમારા ફોન કરી જણાવ્યું હતું કે શહેરના સાધુવાસવાણી રોડ પર એક દીકરી દયનીય હાલતમાં છે જેને મુક્ત કરાવવાની છે.

જેથી સંસ્થાની ટીમ રવિવારે સાંજે યુવતીના ઘરે પહોંચી ત્યારે ત્યાનો નજારો જોઈ અવાચક રહી ગઈ. યુવતી છેલ્લા ત્રણ દિવસથી કોમામાં હતી અને તેન મોં માંથી ફીણ નીકળી રહ્યા હતા. તેની પાસે તેના માતા – પિતા, કાકા અને બહેન બેઠા હતા અને આસપાસ યુરીનની કોથળીઓ અને ટબને કારણે દુર્ગંધ આવતી હતી. સંસ્થાના બહેનોએ યુવતીની તાત્કાલિક સારવાર માટે વાત કરી અને સિવિલ હોસ્પિટલ લઈ જવા જણાવ્યું પણ પરિવાર જાણે યુવતીની સારવાર કરવા માંગતો જ ન હોય તેમ મનાઈ ફરમાવી હતી. ખાનગી હોસ્પિટલમાં લઈ જવા કહ્યું તો જવાબ મળ્યો અમને પૈસા આપી દો. સારવાર કરાવી લઈશું. જેથી સંસ્થાએ તુરંત પોલીસ અને ૧૦૮નો સંપર્ક કર્યો. તે પછી યુવતીને ખૂબ જ ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી. સંસ્થાના સંચાલક વધુમાં જણાવે છે કે, તબીબી રીપોર્ટ મુજબ યુવતીને છેલ્લા ૮ દિવસથી પીવાનું પાણી પણ નથી અપાયું અને સ્થિતિ નાજૂક છે. જેથી આ કિસ્સામાં પોલીસ તટસ્થ તપાસ કરે અને જવાબદારો સામે પગલા લે તે જરૂરી છે. એમ.બી.એ. થયેલી અને સી.એ.નો અભ્યાસ કરતી યુવતીને શું બિમારી હશે અને પરિવારે શા માટે સારવાર ન કરાવી ? જેવા અનેક સવાલોના જવાબ પોલીસની તપાસ બાદ જ સામે આવશે.

# તહેવારોમાં નેતાઓ જ ઉજવણીના મૂડમાં હોય છે : સુપ્રિમની ઝાટકણી

(જી.એન.એસ.)સુરત,તા.૧૯

ગુજરાતમાં ઉત્તરાયણ પર કોરોના ગાઈડલાઈનના ભંગને લઈને સુપ્રીમ કોર્ટે નિર્દેશ કર્યો છે. કોર્ટે રાજ્યના ગૃહસચિવને કોરોના ગાઈડલાઈનના પાલન વિશેની એફિડેવિટ અંગે જણાવ્યું છે. ગુજરાત હાઈકોર્ટના કોરોના ગાઈડલાઈનના વિશેના નિર્દેશ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી. ૨જી ડિસેમ્બરના રોજ હાઈકોર્ટે નિર્દેશ કર્યો હતો કે માસ્ક નહી પહેરનારાઓને કોવિડ સેન્ટરમાં સેવા માટે મોકલો. જેને લઈને હાઈકોર્ટના નિર્દેશની સામે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પીટીશન કરી હતી. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્દેશ સામે ત્રીજી ડિસેમ્બરે સ્ટે આપ્યો હતો. સુપ્રીમ કોર્ટ લીવ પીટીશનની સુનાવણી દરમિયાન રાજકીય પક્ષોના મેળાવડાને લઈને નારાજગી દર્શાવી હતી. સુપ્રીમે ટકોર કરતાં જણાવ્યું કે દેશના દરેક રાજકીય પક્ષો ઉજાણીના મૂડમાં જ હોય છે. આમ રાજ્યમાં ઉત્તરાયણ પર કોરોના ગાઈડલાઈનના ભંગને લઈને નિર્દેશને લઈને રાજ્યના ગૃહસચિવને કોરોના ગાઈડલાઈનના પાલન વિશેની એફિડેવીટ કરવા જણાવ્યું. સુપ્રીમે નિર્દેશ કર્યો કે રાજકીય પક્ષોના પ્રમુખોએ તેમના કાર્યકરોને ગાઈડલાઈનનું પાલન કરવા કહેવું જોઈએ. સામાજિક અંતરના ભંગના ૧૦ ઉદાહરણો અમે આપી શકીએ છીએ. સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકારને કોરોનાગાઈડલાઈનના ભંગ બદલ નિર્દેશ જાહેર કર્યો હતો.

# વીઆઈપી નંબરો લેનારાઓ જલ્દી ખરીદજો રાજ્ય સરકાર ફીમાં વધારો કરવાની તૈયારીમાં

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં વાહનના પસંદગીના નંબરની ફીમાં ધરખમ વધારો થવાની અટકળો વહેતી થઈ છે. ગોલ્ડન, સિલ્વર અને અન્ય કેટેગરીના પસંદગીના નંબરો મેળવવામાં અંદાજે રૂ.૧,૫૦૦થી રૂ.૧૫,૦૦૦ જેટલો વધારો થઈ શકે છે. રાજ્યના પોર્ટ અને ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા અલાયદા ડ્રાફટ નોટિફિકેશન તૈયાર કરી ગત મહિને જ રાજ્યપાલને મોકલ્યું હોવાનું ચર્ચાઈ રહયું છે. છેલ્લાં કેટલાક વર્ષોથી ટ્રાન્સપોર્ટ વિભાગે પસંદગીના નંબરો માટે ગોલ્ડન, સિલ્વર અને અન્ય કેટેગરી દીઠ ચોક્કસ ભાવ નિયત કરવામાં આવ્યાં છે. સંબંધીત કેટેગરીમાં પસંદગીના નંબરોનું આરટીઓ કચેરી દ્વારા ઓક્શન કરવામાં આવે છે. વર્તમાન સમયમાં ગોલ્ડન નંબરની કેટેગરીમાં ટુ વ્હીલર માટે નિયત ફી રૂ. ૫,૦૦૦ અને ફોર વ્હીલર માટે રૂ.૨૫,૦૦૦ ફી છે. આ કેટેગરીમાં ટુ વ્હીલરની ફી વધારાઈ રૂ.૮,૦૦૦ અને ફોર વ્હીલરની વધારી રૂ.૪૦,૦૦૦ થાય તેવી શક્યતાઓ છે. આ પ્રકારે સિલ્વર કેટેગરીમાં ટુ વ્હીલરની ફીમાં રૂ.૧,૫૦૦ અને ફોર વ્હીલરની ફી રૂ.૧૦,૦૦૦નો વધારો થઈ શકે છે. અન્ય કેટેગરીના નંબરોની ફી પણ રૂ.૧,૦૦૦ અને રૂ.૩,૦૦૦ વધે તેવી વકી છે. ગોલ્ડન નંબરોની કેટેગરીમાં સંભવીત અને વર્તમાન ચાર્જિસની સરખામણીમાં ૬૨.૫ ટકા ભાવ વધારો થઈ શકે છે. તેવી રીતે સિલ્વર ટુ વ્હીલર માટે ૫૭.૧૪ % તથા ફોર વ્હીલર માટે ૬૬.૬૬ %, જ્યારે અન્ય કેટેગરીમાં ટુ વ્હીલરમાં ૫ % તથા ફોર વ્હીલરના ભાવમાં ૬૨.૫ % ભાવ વધારાની સંભાવના છે.

**૧. ગોલ્ડન નંબર**

૧, ૫, ૭, ૯, ૧૧, ૯૯, ૧૧૧, ૩૩૩, ૫૫૫, ૭૭૭, ૭૮૬, ૯૯૯, ૧૧૧૧, ૧૨૩૪, ૨૨૨૨, ૩૩૩૩, ૪૪૪૪, ૫૫૫૫, ૭૭૭૭, ૮૮૮૮, ૯૦૦૦, ૯૦૦૯, ૯૦૯૦, ૯૦૯૯, ૯૯૦૯, ૯૯૯૦, ૯૯૯૯.

**૨.સિલ્વર નંબર**

૨, ૩, ૪, ૮, ૧૦, ૧૮, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, ૯૦, ૧૦૦, ૧૨૩, ૨૦૦, ૨૨૨, ૨૩૪, ૩૦૦, ૩૦૩, ૪૦૦, ૪૪૪, ૪૫૬, ૫૦૦, ૫૬૭, ૬૦૦, ૬૭૮, ૭૦૦, ૭૮૯, ૮૦૦, ૮૮૮, ૯૦૦, ૯૦૯, ૯૯૯, ૧૦૦૦, ૧૦૦૧, ૧૦૦૮, ૧૧૮૮, ૧૮૧૮, ૧૮૮૧, ૨૦૦૦, ૨૩૪૫, ૨૫૦૦, ૨૭૨૭, ૨૭૭૨, ૩૦૦૦, ૩૪૫૬, ૩૬૩૬, ૩૬૬૩, ૪૦૦૦, ૪૪૫૫, ૪૫૪૫, ૪૫૫૪, ૪૫૬૭, ૫૦૦૦, ૫૦૦૫, ૫૪૦૦, ૫૪૪૫, ૫૪૫૪, ૬૦૦૦, ૬૩૩૬, ૬૩૬૩, ૬૭૮૯, ૭૦૦૦, ૭૦૦૭, ૭૨૨૭, ૭૨૭૨, ૮૦૦૦, ૮૦૦૮, ૮૦૫૫, ૮૧૧૮, ૮૧૮૧.

# રાજકોટમાં જૂના રેલ્વે સ્ટેશન પાસે ઝાડ પર યુવકનો લટકતો મૃતદેહ મળતા ચકચાર



(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૯

રાજકોટના જૂના રેલવે સ્ટેશન પાસે ઝાડ પર લટકતી હાલતમાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી, જેથી પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પીએમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતાં યુવકના ખિસ્સામાંથી યુવકનું આધારકાર્ડ મળી આવ્યું છે, જેમાં મૃતકનું નામ સંદીપ હોવાનું સામે આવ્યું છે, જેથી પોલીસે આધારકાર્ડના આધારે પરિવારના લોકોની શોધખોળ હાથ ધરી છે. પોલીસે હાલ તો સ્થળ પર મૃતદેહનો કબજો લીધો છે અને મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો છે. યુવકે આત્મહત્યા કરી છે કે પછી કોઈ દ્વારા તેની હત્યા કરીને તેને ઝાડ પર લટકાવી દેવામાં આવ્યો છે. એ અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# સુરતની ચીસો શાંત થાય એ પહેલા રાજકોટમાં વધુ એક યુવતીનું મોત

## અજાણ્યા વાહન ચાલકે ક્લાર્કની નોકરી કરતી એક્ટિવાચાલક યુવતીને ઉલાળી



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૯

રાજકોટના કોઠારિયાના ધનલક્ષ્મી પેટ્રોલ પંપ નજીક રહેતી અને જલારામ હોસ્પિટલની ક્લાર્ક છાંયા વજુભાઈ રૈયાણી (ઉં.વ.૧૯) સવારે એક્ટિવા લઈને નોકરી પર જવા ઘરેથી નીકળી હતી. પુનિતનગરના ટાંકા પાસે પહોંચી ત્યારે અજાણ્યા વાહનચાલકે એક્ટિવાને ઉલાળ્યું હતું. આથી છાંયાને ગંભીર ઈજા પહોંચતા તેના સારવાર માટે હોસ્પિટલ ખસેડાઇ હતી. પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત જોવા મળ્યો હતો. મૃતક છાંયા બે બહેન અને એક ભાઈમાં નાની હતી. તેના પિતા વજુભાઈનું છ મહિના પહેલા જ અવસાન થયું હતું. ઘરના મોભીને ગુમાવનારા પરિવારે ટૂંકા ગાળામાં યુવાન અને આધારસ્તંભ દીકરીને અકસ્માતમાં ગુમાવતાં રૈયાણી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ પરિવાર મૂળ ગોંડલનો વતની છે અને ૬ મહિનાથી કોઠારીયામાં ભાડેથી રહે છે. માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલક અંગે તપાસ શરૂ કરી છે.

મોરબી રોડ પર ઈન્દ્રપ્રસ્થ સોસાયટી-૩માં રહેતી ખુશ્બુ સુરેશભાઈ ભુવા (ઉં.વ.૨૩) ગત રાત્રે નવ વાગ્યે ગ્રીનલેન્ડ ચોકડીએ સગાને મળવા પોતાના પિતા સુરેશભાઈ ભુવા સહિતની સાથે ઉભી હતી ત્યારે અચાનક બેભાન થઈ ઢળી હતી. બાદમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ તેનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે બી-ડિવીઝન પોલીસમાં જાણ કરી હતી.

# અમદાવાદને અઘરૂ પડ્યું પેટ્રોલ લિટરનો ભાવ થયો રૂા. ૮૨.૪૨

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૯

દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨૫-૨૫ પૈસાનો વધારો કરતા દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ ૮૫ રૂપિયાની નજીક પહોંચી ગયો છે જ્યારે મુંબઈમાં એક લિટર ડીઝલનો ભાવ ૮૨ રૂપિયાની નજીક પહોંચી ગયો છે. પેટ્રોલ અને ડીઝલમાં ભાવ વધારાના કારણે અમદાવાદમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૮૨.૪૨ થયો હતો, જે અગાઉ પ્રતિ લીટર ૮૨.૧૮ રૂપિયા હતો. પેટ્રોલમાં રૂ. ૩૨.૯૮ એક્સાઈઝ ડયૂટી અને રૂ. ૧૭ વેટ સાથે કુલ ટેક્સનો હિસ્સો રૂ. ૪૯.૯૮ છે, જે ૬૦ ટકાથી વધુ થઈ જાય છે. એ જ રીતે ડીઝલમાં પણ ભાવ પ્રતિ લીટર રૂ. ૮૦.૪૮થી વધીને રૂ. ૮૧.૦૫ થઈને અત્યાર સુધીની ટોચે પહોંચ્યો છે. ડીઝલમાં રૂ. ૩૧.૮૩ એક્સાઈઝ ડયુટી અને રૂ. ૧૭ વેટ સાથે કુલ ટેક્સ રૂ. ૪૮.૮૩ થાય છે. દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ ૮૪.૯૫ રૂપિયા થઈ ગયો છે જે લાઈફ ટાઈમ હાઈ સપાટી છે. જ્યારે દિલ્હીમાં એક લિટર ડીઝલનો ભાવ ૭૫.૧૩ રૂપિયા થઈ ગયો છે તેમ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલા પ્રાઈસ નોટિફિકેનમાં જણાવવામાં આવ્યું છે. આ અગાઉ ૧૩ અને ૧૪ જાન્યુઆરી એમં બે દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. મુંબઈમાં એક લિટર પેટ્રોલનો ભાવ ૯૧.૫૬ રૂપિયા થઈ ગયો છે જે અત્યાર સુધીની લાઈફ ટાઈમ હાઈ સપાટી છે. જ્યારે એક લિટર ડીઝલનો ભાવ ૮૧.૮૭ રૂપિયા થઈ ગયો છે. મુંબઈમાં ડીઝલનો ભાવ પણ અત્યાર સુધીની લાઈફ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયો છે.

# સ્કૂલો ખૂલવાનું ધીમે ધીમે શરૂ : ફેબ્રુઆરીની શરૂઆતમાં ધો. ૯ અને ૧૧ની સ્કૂલો ખૂલવાની વકી

## ૧૦-૧૨નું શૈક્ષણિક કાર્ય હાથ ધર્યા પછી કોઈ નકારાત્મક પ્રતિભાવ ન મળતા નિર્ણય



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં ગત ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની સ્કૂલો શરૂ થઈ ગઈ છે. ત્યારે જૂનાગઢ તાલુકાનાં કેશોદની સ્કૂલમાં ૧૧ વિદ્યાર્થિનીઓ પોઝિટીવ આવતાં વાલીઓની ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ શિક્ષણ વિભાગના ટોચના અધિકારીઓએ ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી ધોરણ ૯ અને ૧૧ માટે સ્કૂલો શરૂ કરવાની તૈયારી કરી લીધી છે. શિક્ષણ વિભાગમાં પણ આ બાબતે ગંભીર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. અગાઉ ધો. ૧૦,૧૨માં કલાસરૂમમાં શૈક્ષણિક કાર્ય હાથ ધર્યા પછી હવે ધો. ૯ અને ૧૧માં પણ કલાસરૂમમાં શૈક્ષણિક કાર્ય હાથ ધરવાની દિશામાં સરકાર આગળ વધી રહીં છે. આ માટે આગામી બુધવારે મળનારી કેબિનેટની બેઠકમાં પછી કોઈ ઠોસ જાહેરાત થાય તેવી શક્યતા છે.કોરોના મહામારીને કારણે ઓફલાઈન(કલાસરૂમ શૈક્ષણિક કાર્ય)ને બદલે ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરાવ્યા પછી ઓફલાઈન શૈક્ષણિક કાર્ય હાથ ધરવું પણ સરકાર માટે પડકારજનક છે.

કોરોનાના ડરને કારણે ઓછી હાજરીનો પ્રશ્ન છે, તેવા સંજોગોમાં રાજય સરકાર હવે તા. ૯ અને ૧૧માં પણ કલાસરૂમમાંથી શૈક્ષણિક કાર્ય આપવાની હાથ ધરશે તેમ સત્તાવાર સુત્રોનું કહેવું છે. સુત્રોએ એવી સ્પષ્ટતા કરી હતી કે, આમ તો આયોજન આગામી સોમવારથી હાથ ધરવાનું છે,પણ જો કોઈ અડચણ આવે તો ફેબ્રુઆરીમાં તો શૈક્ષણિક કાર્ય હાથ ધરાશે. છતા આગામી બુધવારે કેબિનેટની બેઠક મળશે. આ બેઠકમાં આ મુદ્દે ચર્ચા થશે, આ પછી ધો. ૯ અને ૧૧ કે કોલેજના કેટલા વર્ષનું કયારે શૈક્ષણિક કાર્ય હાથ ધરવું તે નક્કી થશે. સુત્રોએ એવો પણ વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, અત્યાર સુધી ધો. ૧૦-૧૨નું શૈક્ષણિક કાર્ય હાથ ધર્યા પછી કોઈ નકારાત્મક પ્રતિભાવ મળ્યા નથી, વિદ્યાર્થીઓનું આરોગ્ય પણ સારુ છે એટલે હવે બાકીના ધોરણો અંગે નિર્ણય લેવાશે. ૧૧મી જાન્યુઆરીથી ગુજરાત બોર્ડની સાથે જોડાયેલી મોટા ભાગની સ્કૂલો શરૂ થઈ ગઈ છે.

# ટ્રાવેલ્સ સંચાલકે હપ્તો ન આપતા લકઝરી બસ પર તલવારી હૂમલો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૯

શહેરના રામોલમાં વસ્ત્રાલ ખાતે ગજેન્દ્ર સોસાયટી સામે રોડ પર બગીચા પાસે પાર્ક કરેલી હિના ટ્રાવેલ્સની ત્રણ લકઝરી બસના કાચ તોડી ગુંડાઓએ નુકશાન કર્યું હતું. આ બનાવ અંગે ટ્રાવેલ્સ સંચાલકે રાજુ ભદોરીયા નસમના શખ્સ વિરુદ્ધ વધુ એક ફરિયાદ રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ૧૫ દિવસ અગાઉ ટ્રાવેલ્સ સંચાલકને તારી લકઝરી બસ રોડ પર ઉભી રાખવી હોય તો મને લાખ રૂપિયા હપ્તો આપવો પડશે નહીં, તો સળગાવી દઈશ તેવી ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ સંચાલકે અગાઉ ફરિયાદ નોંધાવી હતી.

નવી / જુની કાર લોન
તાત્કાલીક કાર લોન
ઓછા વ્યાજ દરે
ઓછા ડોકયુમેન્ટ
મો. 99420 00404







# અમદાવાદ સરસપુરના આંબેડકર હોલમાં ભીષણ આગ

(જી.એન.એસ.) અમદવાદ,તા.૧૯

અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલા ડો. આંબેડકર હોલમાં બપોરે એચાનક ભયાનક આગ લાગી ગઈ હતી. અમદાવાદ પૂર્વમાં શહેર કોટકા પોલીસ મથક પાસે આવેલા આંડોકર હોલમાં આજે બપોરે અચાનક ભયાનક આગ લગી ગઈ હતી.

આગનું કારણ તાત્કાલિક જાણી શકાયુ નથી. ગોમતીપુર ફાયર બ્રિગેડ સહિત વિવિધ ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચ્યા હતા, ફાયર બ્રિગેડે આગ ઓલવવાની કામગિરી હાત ધરી છે.




Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)